કિંમત : રૂા. ૨૫.૦૦

• વર્ષ દરમિયાન કુલ ૧૨ અંકો (છ અંક અને છ પુસ્તિકાઓ.)
• લવાજમ વર્ષ માટે વિકલ્પ : જુલાઈથી જુન કે જાન્યુઆરીથી ડિસેમ્બર.
• લવાજમ : વાર્ષિક રૂા. ૩૦૦/- ૩ વર્ષ : રૂા. ૮૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૩૫૦/- આજીવન : રૂા. ૭૦૦૦/-

વિદેશ લવાજમ : વાર્ષિક રૂા. ૧૨૫૦/- ૫ વર્ષ માટે રૂા. 6,000/-

''વિચારવલોણું પરિવાર'' નું વાર્ષિક લવાજમ આપના વિસ્તારમાં આવેલી દેના બેંકમાં ડાયરેક્ટ જમા કરાવી શકો છો. (ચેક **''વિચારવલોણું પરિવાર''**ના નામનો લખવો, શાખાઃ **લૉ-કોલેજ રોડ, અમદાવાદ**, સેવિંગ્ઝ ખાતા નં. 05491000252 2માં જમા કરાવવો) રકમ જમા કરાવ્યા બાદ તેની બેંકની અસલ રિસીપ્ટ વિચારવલોણું પરિવાર, અમદાવાદની ઓફિસમાં નીચે જણાવેલ સરનામે મોકલી આપવી. ઈન્ટરનેટ બેંકિંગ માટે અમારો IFSC No. BKDN0110549 છે.

મનીઓર્ડર તથા બેંક ડ્રાફ્ટ દ્વારા પણ લવાજમ અમદાવાદની ઓફિસે મોકલી શકાય છે.

ઓફિસ સમય : ૧૧.૦૦ થી ૬.૦૦

**સ્થાપક :** સુરેશ પરીખ
આલાપ બંગ્લોઝ, સંજય સોસાયટી, ફોન : ૦૯૭૨૬૩૬૬૭૦૪
ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭

**પ્રકાશક :** મુનિ દવે ફોન : ૦૭૯-૨૬૭૫૧૩૫૭
**વ્યવસ્થાપક :** વિજય બરફીવાલા ફોન : ૯૯૧૩૨૩૯૬૫૭
૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ, ઓક્ષફર્ડ ટાવર સામે,
ગુરુકુળ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
E-mail : vicharvalonun@yahoo.co.in Web : www.vicharvalonu.com

**કોમ્પ્યુટર ટાઈપ સેટિંગ :**
અનુરાજ ગ્રાફિક્સ, ૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ,
ગુરુકુળ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
ફોન : ૯૮૯૮૦ ૩૮૪૫૨

**મુદ્રણ :**
ગણેશ ઓફસેટ
શુભલાભ એસ્ટેટ, તાવડીપુરા,
શાહીબાગ, અમદાવાદ

**સંપાદક ગણ**

| | | |
|---|---|---|
| તરુણ શાહ | બી-૧/૯, અગ્રવાલ ટાવર્સ, સોલા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૬૧ | ફોન : ૯૪૨૬૩ ૮૩૦૦૮ |
| પ્રજ્ઞા પટેલ | આત્મન્, ૧૬૮૭/૧, સેક્ટર-૨ ડી, ગાંધીનગર-૩૮૨૦૦૨. | ફોન : (૦૭૯) ૨૩૨૨૮૮૩૩ |
| નિરંજન શાહ | 'સ્મૃતિ', કલ્યાણ સોસાયટી, મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ | ફોન : (૦૭૯) ૨૬૪૪૧૬૫૯ |
| મુનિ દવે | ૮૦૪, સગુન પેલેસ, શિવરંજની ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦ ૦૧૫ | ફોન : (૦૭૯) ૨૬૭૫૧૩૫૭ |

**આવરણ :**ફોટોગ્રાફર : શ્રી પરમાનંદ દલવાડી

## સંપાદકીય

હમણાં એક છાપામાં એક ખૂણે એક નાનકડું કાર્ટૂન નજરે ચડ્યું હતું. એક ટાબરિયું કંઈક ગુસ્સે થઈને, કંઈક રીસાઈને મોં ફેરવીને ઊભું છે, એની મમ્મી એને નહાવા જવા માટે ધમકાવે છે, અને ટાબરિયાના મોં માં શબ્દો મૂક્યા છે, ''મમ્મી, હું નહાવા નહીં જાઉં, મારી લાગણી દુભાય છે!'' હમણાં 'પદ્માવતી' - હવે 'પદ્માવત' - ફિલ્મથી કેટલાકની લાગણી દુભાઈ. થોડા વખત પહેલાં 'વોટર' નામની ફિલ્મથી પણ લોકો ઉશ્કેરાઈને બેલગામ બની ગયા હતા. આવી ઘટનાઓને સ્હેજ ઊંડાણથી તપાસીશું તો ચોક્કસ લાગશે કે પોતાની 'સંસ્કૃતિ' સર્વોત્તમ એવો ખ્યાલ આવી માનસિકતા પાછળ કારણભૂત હોય છે.

વાસ્તવમાં 'સંસ્કૃતિ'નો ફલક એટલો વિશાળ હોય છે કે તેનું મૂલ્યાંકન તો બાજુએ રહ્યું, યથાર્થ દર્શન કરવા માટે પણ વ્યક્તિએ પોતે ચિંતનની મોટી ઊંચાઈએ પહોંચવું પડે અને જ્યારે એક આખો સમાજ સંસ્કૃતિના ખરાખોટા ખ્યાલોમાં રાચતો હોય ત્યારે તો આવું સ્વસ્થ દર્શન વધારે અઘરું બની રહે. ઈતિહાસ, ભૂગોળ, ધર્મ, ભાષા અને આ બધાંને પોતાનામાં સમાવતા કાલપ્રવાહનું જે વિહંગાવલોકન કરી શકે એ જ એના મૂલ્યાંકનનો અધિકારી ગણાય.

તળે ઉપરમાં સમાવાયેલા લેખો આવા વિહંગાવલોકનની ઝાંખી કરાવશે. વિનોબાજી, રવીન્દ્રનાથ ટાગોર કે ઓશો પોતપોતાની આગવી મૌલિક દૃષ્ટિએ ભારતીય સંસ્કૃતિનાં શ્વેત-શ્યામ પાસાંઓની છણાવટ કરે ત્યારે આપણી દૃષ્ટિ થોડી સ્પષ્ટ બને, એમાંનું નવનીત તારવવાનું આપણા માટે થોડું સુગમ બનાવે. આપણા માટે દિશાસૂચક બની રહે ને આપણને આંધળી ભક્તિ કે આંધળી ટીકાખોરીથી બચાવે.

જો કે એક વાત સમજાતી નથી કે સંસ્કૃતિનાં જ જે ફરંજદ છે, તેવાં રીત-રિવાજો, પરંપરાઓ કે ધાર્મિક વ્યવસ્થા જેવા સમાજજીવનનાં અનેક પાસાંઓમાં પેસી ગયેલી વિકૃતિઓ તો સ્વયંસ્પષ્ટ જ છે, તે છતાં સંવાદલેખોનું પ્રમાણ ઘણું ઓછું કેમ રહ્યું? વૈચારિક આળસ જ એમાં કારણરૂપ હશે! હોય તો સુજ્ઞ વાચકોને વિનંતી કે આવી આળસને ખંખેરી નાખે અને વલોણામાં ઉત્સાહભેર, રસભેર ભાગ લે. લખવાથી વિચારોને સ્પષ્ટતા અને તેમાંથી આચારને દિશા મળે છે એ યાદ કરાવવાનું ન હોય!

ગુજરાતે છેલ્લા મહિનામાં પોતાના બે સમર્થ સર્જકો - શ્રી નિરંજન ભગત અને શ્રી જલન ખાતરીને ગુમાવ્યા એની સખેદ નોંધ લઈએ છીએ. 'કવિતા' વિભાગમાં આ બંને કવિઓની ઝલક જોવા મળશે.



**નિરંજન શાહ**

# ૧. ભારતીય સંસ્કૃતિ

## વિનોબા ભાવે

ભારતમાં હજારો વર્ષથી માણસ જાતજાતના પ્રયોગો કરતો રહ્યો છે. અને તેમાંથી આપણે જેને ભારતીય સંસ્કૃતિ કહીએ છીએ, તે નીપજી છે. ભારતની સંસ્કૃતિ પ્રયોગશીલ છે. ભારત પ્રાચીનકાળમાં બહુ જ પ્રવૃત્તિમય હતો. અહીં વિવિધ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તથા બહુ ગાઢ અને ગૂઢ ચિંતન ચાલ્યું છે. બહુ પ્રયોગો પણ થયા, તેના નિષ્કર્ષ પણ નીકળ્યા. અને તેમાંથી વિવિધ શાસ્ત્રો પણ ઊભાં થયાં. બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા, ગૃહસ્થાશ્રમના નિયમો, વાનપ્રસ્થ ધર્મની કલ્પના, સંન્યાસનો આદર્શ, માંસાહારનો નિષેધ, ખેતી માટેનો આદર, શિક્ષણ ઉપર રાજ્યસત્તાનો અધિકાર ન હોવો, કોઈ પોતાનું કામ છોડીને નફા ખાતર બીજાનાં કામોમાં દખલ ન કરે તેવી વ્યવસ્થા - આવા અનેકાનેક પ્રયોગો ભારતમાં થયા. કોઈ વર્ણવ્યવસ્થાના નામે થયા, કોઈ આશ્રમ-વ્યવસ્થાના નામે થયા, કોઈ યોગાભ્યાસના નામે થયા, કોઈ ભક્તિના નામે, કોઈ તત્ત્વજ્ઞાન ને દર્શનના નામે, કોઈ માણસના ગુણ-વિકાસના નામે, એવા વિવિધ સ્વરૂપે અહીં પ્રયોગો થયા. તેમાં આધ્યાત્મિક દૃષ્ટિ મુખ્ય હતી. માણસ આધ્યાત્મિક દૃષ્ટિએ કેમ આગળ વધતો રહે, તેની ખોજ નિરંતર ભારતમાં ચાલી. દા.ત. જીવનને ચાર આશ્રમમાં વહેંચવાથી માણસની વાસના ક્ષીણ થતી જાય છે, તેનું ઊર્ધ્વીકરણ થતું જાય છે. સમાજને વાનપ્રસ્થોના રૂપમાં નિત્ય નવા સેવક મળતા રહે છે. ગૃહસ્થાશ્રમમાં મર્યાદા દાખલ કરવાથી વસ્તી-નિયંત્રણમાંયે મદદ મળે છે. આવી બધી યોજનાઓ આપણા પૂર્વજોએ અનેક પ્રયોગો કરી-કરીને ઘડી અને આ આપણો બહુ મોટો વારસો છે.

ભારત માટે એમ કહેવાય છે કે આ એક મોટો સંપન્ન દેશ છે. અહીં સુંદર-સુંદર સેંકડો નદીઓ વહે છે અને હિમાલય જેવો અદ્‌ભુત પહાડ તો અહીં છે જ. આપણો દેશ ભારે સુજલ અને સુફલ છે. પણ આપણા કરતાંયે વધારે સુજલ-સુફલ દેશો દુનિયામાં મોજુદ છે. એટલે આ કાંઈ આપણી વિશેષતા ન કહેવાય. હા, આપણે એવો દાવો જરૂર કરી શકીએ કે અહીં જે વિચાર-સંપદા આપણને મળી છે, તે અત્યંત અદ્વિતીય છે. આ હું કોઈ અભિમાનથી નથી કહેતો. જો હું કોઈ બીજા દેશમાં જન્મ્યો હોત, તો પણ નિષ્પક્ષપણે તટસ્થતાથી ભારત વિશે આવું જ કહેત કે ભારતનો વિચાર-વૈભવ ખરેખર અદ્વિતીય છે. અને તે એટલા વાસ્તે નહીં કે અહીં નાટક વગેરે

સાહિત્ય પુષ્કળ રચાયું છે, અહીંના સ્થાપત્ય બેનમૂન છે. એ બધું તો છે, પણ તે મામૂલી ચીજો છે. પરંતુ બુનિયાદી ચીજ 'આધ્યાત્મિક વિચાર-સંપદા' છે, જેને આપણે જીવનનું પાથેય કહી શકીએ. ભારતીય સંસ્કૃતિમાં આ જીવન-પાથેય અમોલું છે.

ભારત એક પુરાતન દેશ છે, પુરાણ પુરુષ છે. વેદમાં એક વાક્ય આવે છે, *'अग्निः पूर्वेभिर ऋषिभिर इड्यो नूतनैरुत'* - અગ્નિની પૂજા પ્રાચીન ઋષિઓ પણ કરતા હતા, એટલે આપણે પણ કરવી જોઈએ. વૈદિક ઋષિ પોતાના પ્રાચીન ઋષિઓનો આધાર રાખે છે. આ ઋષિ પોતે હજારો સાલ પુરાણા છે, તો એમના પ્રાચીન તો તેનાથીયે પહેલાંના હશે. આટલી પ્રાચીન પરંપરા અહીં ચાલી આવી છે. ભારતમાં વૈદિક ઋષિઓથી લઈને આજ સુધી શબ્દોની એક અખંડ પરંપરા ચાલી આવી છે. હું દુનિયામાં બીજો કોઈ દેશ એવો નથી જોતો, જ્યાંની ભાષામાં દસ હજાર વર્ષોથી એના એ શબ્દો ચાલ્યા આવતા હોય. ભારતમાં શબ્દશક્તિનું જેટલા ઊંડાણથી ચિંતન થયું છે, તેટલું બીજે ક્યાંય નથી થયું. ભારતે પોતાના પુરાણા શબ્દોને તોડ્યા નથી, નવા જરૂર બનાવ્યા છે. સાથે જ જૂના શબ્દોમાં નવા અર્થ નાખીને તેમનો વિકાસ કર્યો છે. આ શબ્દ પરંપરા ભારતમાં પહેલેથી આજ સુધી અખંડ ચાલી આવી છે અને શબ્દશક્તિ અસ્ખલિત પ્રવાહરૂપે વિકસિત થતી આવી છે. બીજે ક્યાંય આવું જોવા મળતું નથી. 'અગ્નિમીળે પુરોહિતમ' - આ વૈદિક મંત્ર હજારો વર્ષથી ચાલ્યો આવે છે. તેમાંના અગ્નિ દેવ, ઋત્વિજ, પુરોહિત, યજ્ઞ, રત્ન વગેરે બધા શબ્દો આજની આપણી ભાષાઓમાંયે કાયમ છે. તેને લીધે ભાષાઓ બદલાઈ, અપભ્રંશ થઈ, છતાં અહીંની જ્ઞાન-પરંપરા ખંડિત નથી થઈ.

હજારો વર્ષોનો આપણો પુરાતન દેશ છે. જ્યારે બીજા દેશોના ઈતિહાસનો આરંભ પણ નહોતો થયો, ત્યારે આપણા પૂર્વજો ગૌરવશિખર ઉપર પહોંચી ગયા હતા. અનેકાનેક પરિવર્તન આવ્યાં, છતાં અહીંની પરંપરા અતૂટ રહી, જે પ્રાચીનતમ કાળ સાથે આપણને જોડી રાખે છે. સ્થળ-કાળના ભેદો છતાં અહીં એકતાનું જ દર્શન થાય છે. જે દર્શન કાશીમાં થાય છે, તે જ રામેશ્વરમાંયે થાય છે. જે દર્શન હજારો વર્ષ પહેલાં થયું હતું, તે જ આજે પણ થઈ રહ્યું છે. જીવનનો ઢાંચો બદલાયો, છતાં આપણી આંતરિક એકતા કાયમ જ રહી. 'યૂનાનો મિસ રૂમા સબ મિટ ગયે જહાં સે, કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી' - યૂનાન, રોમ, મિસ્ર બધા ભૂંસાઈ ગયા, પણ કાંઈક એવું છે કે આ દેશની હસ્તી હજીયે કાયમ છે. એટલે અહીં 'કાંઈક' તો છે, આ 'કાંઈક' શું છે?

અહીં કહેવાયું છે કે, 'દુર્લભં ભારતે જન્મ'. આપણો આ ભારત દેશ પરમ પવિત્ર દેશ છે, એમ આપણા પૂર્વજો કહ્યા કરતા. 'દુર્લભં મહારાષ્ટ્રે જન્મ', 'દુર્લભં ગુર્જરેષુ જન્મ' - એવાં વચન તમને અહીં ક્યાંય નહીં મળે. તુલસીદાસજી પણ કહેશે,

'ભલિ ભારત ભૂમિ, ભલે કુલ જન્મ'. પાંચસો વર્ષ પહેલાં ગુજરાતના કવિ નરસિંહ મહેતાએ ગાયું - 'ભરત ખંડ ભૂતળમાં જન્મી જેણે ગોવિંદના ગુણ ગાયા રે!' તે ધન્ય છે! આ જ વાત અસમના શંકરદેવ અને માધવદેવે પણ કહી. નરસિંહ મહેતાએ ગુજરાતનો મહિમા ગાયો, શંકરદેવે અસમનો મહિમા ગાયો! એકબીજાની ભાષા તો તેઓ જાણતા નહોતા, એકબીજાનેય નહોતા જાણતા, છતાં ભારત અમારી પુણ્યભૂમિ છે, અને અમે તેમાં જન્મ પામ્યા તેથી ધન્ય થઈ ગયા, એવું એ બંનેએ અનુભવ્યું અને વ્યક્ત કર્યું.

આવી રીતે આખા ભારતનું અભિમાન એ કાંઈ પ્રકૃતિ નથી, બલ્કે સંસ્કૃતિ છે. જ્યાં એવી એવી ભાષાઓ છે કે ન જાણતો હોય તેને તે શીખતાંયે વર્ષ નીકળી જાય, એવી વિભિન્ન ભાષાઓ અને અપરંપાર વિવિધતાવાળા આ ભૂખંડને એક દેશ માનવો, એ સંસ્કૃતિ છે. પ્રકૃતિથી ઉપર ઊઠીને આ સંસ્કૃતિ સધાઈ છે. એવી ભારતીય સંસ્કૃતિને આપણે જાળવવાની છે અને આગળ વધારવાની છે.

ભારતીય સંસ્કૃતિની એક અસલ વાત કદી ભૂલાવી ન જોઈએ. ભારતીય સંસ્કૃતિમાં નિરંતર એક ખ્યાલ એવો રહ્યો છે કે આપણે સંકુચિત નથી, આપણે પરમ વ્યાપક છીએ. વેદ પહેલેથી જ 'વિશ્વમાનુષઃ' ની વાત કરે છે. આ પૃથ્વી ઉપરના સહુ માણસોનો એક પરિવાર છે, એમ કહેતાં કહ્યું, 'વસુધૈવ કુટુમ્બકમ'. આ આખી વસુધા એક કુટુંબ રૂપ છે. અને તે પણ પાછું 'કુટુંબ' ન કહ્યું. 'કુટુંબકમ' કહ્યું. એટલે કે નાનકડું કુટુંબ. આ પૃથ્વી ઉપરાંત જે બ્રહ્માંડ છે, તે બધું મળીને પૂરું કુટુંબ થશે. પૃથ્વી તો એક નાનકડું કુટુંબ છે. આ પ્રકારની એક વ્યાપક દૃષ્ટિ આપણા પૂર્વજોએ આપણને આપી છે. જ્ઞાનદેવે 'જ્ઞાનેશ્વરી' લખી મરાઠીમાં અને મરાઠી-ભાષાઓ માટે. પણ તે ગ્રંથના સમર્પણમાં લખ્યું, *'आतां विश्वात्मकेंदेवें. येणे वाग्यज्ञे तोषावें. तोषोनि मज धावें. पसायदान हें'* - વિશ્વરૂપ દેવ સંતુષ્ટ થાય, એ જ પ્રસાદ મને મળે. લોકમાન્ય તિલકે પણ 'ગીતા રહસ્ય' લખ્યું અને સમર્પિત કર્યું. 'શ્રીશાય જનતાત્મને' - જનતારૂપી જનાર્દનને સમર્પણ કર્યું. તુકારામ બિચારો દેહૂમાં રહેનારો, બહુ બહુ તો પંઢરપુર ને નાસિક સુધી ક્યારેક ગયો હશે. તેમ છતાં ભાવના કેવી રાખે છે? કહે છે 'આમુચા સ્વદેશ ભુવનત્રયામધ્યેં વાસ!' અમારું ઘર આ આખું ત્રિભુવન છે. જે સમાજને સંતોએ આટલી બધી વ્યાપક દૃષ્ટિ આપી છે તે સમાજ કદી સંકુચિત રહી જ ન શકે.

ભારતના આ માનવોના મહાસાગરમાં દુનિયાભરની સંસ્કાર-નદીઓ મળી છે. તેથી જ અહીં 'વિશ્વમાનવ' શબ્દ ઉદ્ભવ્યો. આ શબ્દ ભારતીય સંસ્કૃતિને એટલા વાસ્તે સૂઝ્યો કે આ સંસ્કૃતિમાં સદાય એવો ખ્યાલ કરવામાં આવ્યો છે કે આપણે સંકુચિત નથી, સીમિત નથી, આપણે વ્યાપક છીએ, અત્યંત વ્યાપક છીએ. આને જ

(અનુસંધાન માટે જુઓ પાના નં. ૧૧)

# ૨. ભારતીય સંસ્કૃતિ

## રવીન્દ્રનાથ ટાગોર

આપણા અભ્યાસક્રમોમાં ભારતીય સંસ્કૃતિ વિષે જાણવાની તકો ઓછી હોવાને કારણે આપણે માની લઈએ છીએ કે ભારત પાસે સંસ્કૃતિ હતી જ નહીં, અથવા હતી તો લગભગ નગણ્ય. પણ, જ્યારે વિદેશી વિદ્વાનો ભારતીય સંસ્કૃતિની ઉદાત્તતાનો પડઘો પાડે છે ત્યારે આપણે ખુશીથી ફૂલ્યા સમાતા નથી અને પોકારોથી આકાશ ગજાવીએ છીએ કે બીજી સંસ્કૃતિઓ તો કેવળ માનવીય છે પણ અમારી સંસ્કૃતિ દૈવી છે - સ્વયં બ્રહ્માનું સર્જન! અને આ વલણ પછી સ્વપ્રશંસાની સખત ઉત્તેજના રહે તેવા નૈતિક નશા તરફ લઈ જાય છે.

આપણે યાદ રાખવું જોઈએ કે વિશિષ્ટ સર્જનનો સિદ્ધાંત કાલગ્રસ્ત થઈ ગયો છે, અને વિશિષ્ટ વરદાન પામેલી જાતિનો ખ્યાલ જંગલયુગ સાથે જોડાયેલાં છે. આધુનિક સમયમાં આપણે એ સમજવા લાગ્યા છીએ કે કોઈ વિશિષ્ટ સત્ય કે વિશિષ્ટ સંસ્કૃતિ જો સર્વકાલીન સત્ય સાથે સંલગ્ન હોય તો સાચાં હોઈ જ ન શકે. જેલની એકાંત કોટડીમાં સબડતો કેદી દુનિયાથી કપાયેલો જ હોય. એટલે એમ કહેવું કે ભારતીય સંસ્કૃતિ 'વિશિષ્ટ' છે, એ તો ભારતને આવા બૌદ્ધિક એકાંતવાસમાં ધકેલી દેવામાં આવ્યું છે એવું જાહેર કરવા બરાબર છે, અને આવું કહેનારા કોઈ રીતે ભારતની યશગાથાને મદદરૂપ બનતા નથી.

એ ગમે તેમ હોય, પણ આપણે ભારતીય સંસ્કૃતિના કેન્દ્રની શોધ કરવી હોય તો આપણે એવી માન્યતા સાથે શરૂઆત કરવી જોઈએ કે ભારત પાસે પોતાની સંસ્કૃતિ છે, જે સાર્વત્રિક પ્રસારને લાયક છે.

પરંતુ અહીં, મને જાણે પાછળથી કોઈ ખેંચે છે! હું જાણું છું કે મારા દેશવાસીઓમાંના અમુક મને કહે છે કે, પહેલાં અમને એ જણાવો કે તમે માનો છો કે આપણી ભારતીય સંસ્કૃતિ દુનિયામાં 'સર્વોત્તમ' છે અથવા ઓછામાં ઓછું, આપણા શિક્ષણમાં માનભર્યું સ્થાન મેળવવા જેટલી મહાન કે સુંદર છે?

સદ્નસીબે, ઈશ્વરની દુનિયામાં 'એક જ ઉત્તમ' એવા જુલમને સ્થાન નથી. ઉત્તમના કેટલાય પ્રકારો હોઈ શકે, જે પરસ્પરની સંગતિમાં વિકસે, એટલે આપણે 'સર્વોતમ' વિશેષણ પાછળ ઝઘડીએ નહીં કે એને વધુ પડતું મહત્ત્વ પણ ન આપીએ.

બહુ સહેલાઈથી નોંધી શકાય એમ છે કે આપણી સંસ્કૃતિને એની પોતાની ખામીઓ અને રૂઢિગત વિચારો કે આગ્રહો છે જ. આ ખામીઓ બહુ આગળપડતી રીતે નજરે ચડે છે એનું કારણ એ છે કે આપણી સંસ્કૃતિ બંધિયાર થઈ ગઈ છે, એની ગતિશીલતા અવરોધાઈ ગઈ છે. યુરોપની સંસ્કૃતિમાં પણ એની પોતાની ખામીઓ કે

રૂઢિચુસ્તતા છે જ. એના રાજકારણ અને વિજ્ઞાન આનાથી ભરેલાં છે. પણ આ વાત યુરોપની સંસ્કૃતિના સ્વાસ્થ્ય માટે પ્રાણઘાતક નીવડી નથી, કારણ કે એ ગતિશીલ અને પરિવર્તનશીલ છે. દા.ત. એમનામાંના જાતિભેદ, જે સતત ગતિશીલ હોવાને કારણે બહુ જુલમી બનતા નથી.

થોડાંક જ વર્ષ પહેલાં, યુરોપે સમગ્ર દુનિયાને એક ધૂંધળા વૈજ્ઞાનિક સિદ્ધાંતને આધારે જોવાનું શરૂ કર્યું હતું - ''અસ્તિત્વ માટેનો સંઘર્ષ''. આ સિદ્ધાંતે એની દૃષ્ટિને રંગી દીધી અને એના અભિપ્રાયને હઠીલો બનાવી દીધો. આપણે પણ એક ઢીલાઢાલા, આજ્ઞાંકિત વિદ્યાર્થીની જેમ આ શબ્દસમૂહને ગ્રહણ કરી લીધો, અને એમાં ન માનવું એ ક્ષતિયુક્ત શિક્ષણની નિશાની છે એમ ધારી લીધું. પણ આ ''અસ્તિત્વ માટેના સંઘર્ષ''ના ખ્યાલમાં પરિવર્તનના ઈશારા શરૂ થઈ જ ગયા છે. અને એવી હકીકતો સામે લાવવામાં આવી રહી છે કે જેના દ્વારા સાબિત થાય છે કે કુદરતી પસંદગીના મૂળમાં જે વિધાયક બળ કામ કરે છે તે તો સહઅનુભૂતિ કે સહજીવનની ઈચ્છાની શક્તિ છે. (એ જ રીતે), ઓગણીસમી સદીમાં રાજકીય અર્થશાસ્ત્રનો પાર્શ્વસંદેશ અબાધિત હરીફાઈનો હતો, જ્યારે વીસમી સદીમાં આ ધીરે ધીરે સહકારમાં બદલાતો જાય છે. આ એટલું જ સાબિત કરે છે કે ગતિશીલતા કે પરિવર્તનશીલતા સામેના અવરોધ હંમેશા અયોગ્ય હોય છે.

એક સમય હતો જ્યારે આપણે ત્યાં ભારતમાં 'જીવનના પ્રશ્ન' ઉપર ચિંતન ચાલતુ હતું, આપણે મુક્ત રીતે પ્રયોગો કરતા હતા. આપણને એના જે ઉકેલો મળ્યા એને કેવળ એ કારણે નજરઅંદાજ કરી શકાય નહીં કે તે યુરોપ કરતાં જુદા હતા. પરંતુ આ ઉકેલો ગતિશીલ તો હોવા જોઈએ. તેમણે પણ માનવજાતની ખોજયાત્રામાં જોડાવું જોઈએ. પાછળ રહી જઈને કે બીજાને સગવડભરી રીતે ભૂલી જઈને તે પોતે જ પોતાને તિરસ્કૃત બનાવીને ભૂલાવી દે તેવું ન બનવું જોઈએ. આપણે આ બધા ઉકેલોને એક સળંગસૂત્રતા બક્ષીને જીવનસમસ્તના તાલ સાથે ડગ માંડતા કરી દેવા જોઈએ.

આપણી સંસ્કૃતિને હવે કેવળ અહોભાવની સોનાની સાંકળે બાંધી રાખવી નહીં પાલવે. બધી કૃત્રિમ વાડો તૂટતી જવાનો યુગ પણ હવે આવી ગયો છે. હવે જે વિશ્વ વ્યાપક્તા સાથે મૂળભૂત રીતે સુસંગત હશે તે જ ટકી રહેશે અને જે વિશિષ્ટતાના અળગા-અલાયદા ખૂણાની સલામતી શોધશે તે નાશ પામશે. નવજાત શિશુની સંભાળની જગા અલાયદી હોય, એનું પારણું સલામત હોય, પણ એ જ અલાયદાપણું બાળક મોટું થયા પછી પણ ચાલુ રાખવામાં આવે તો આવું અલાયદાપણું તેના શરીર-મનને પાંગળાં જ બનાવે.

હું મારા નિબંધનું સમાપન કરું તે પહેલાં એક નાજુક પ્રશ્નનો વિચાર કરવો બાકી રહે છે. આપણાં ભારતીય સંસ્કૃતિનાં કેન્દ્રસમાં વિદ્યાલય-જેને હું વિશ્વભારતી કહું - માં કેવી જાતનું ધાર્મિક શિક્ષણ આપવું જોઈએ? આ પ્રશ્નને આપણે જેમને

રાષ્ટ્રીય વિદ્યાલયો ગણીએ છીએ તેમાં પણ નજરઅંદાજ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય યુનિવર્સિટી એ આપણા મનમાં તો હિંદુ યુનિવર્સિટી જ છે. એટલે આપણે જ્યારે પણ ઉપરોક્ત પ્રશ્નનો વિચાર કરીએ છીએ ત્યારે આપણે કેવળ હિંદુ ધર્મને જ નજર સમક્ષ રાખીએ છીએ. મહાન ભારતના સાચા ખ્યાલ સુધી ન પહોંચી શકતાં આપણે જાણે અજાણે આપણી સંસ્કૃતિના પણ ટૂકડા કરી નાખીએ છીએ. અને સાંસ્કૃતિક એકતાનો ખ્યાલ આપણામાં કોઈ ઉત્સાહ જગાવતો નથી, બલ્કે એક જાતની ઉપેક્ષા જ જગવે છે.

ધાર્મિક સંપ્રદાયો દરેક દેશમાં, દરેક યુગમાં વિવિધ ઐતિહાસિક કારણોસર સર્જાયા જ છે. આપણામાંના ઘણા એવા હશે, જેઓને પરંપરા અને માનસિકતાના કારણે એક ખાસ સંપ્રદાયના બની રહેવામાં જ આનંદ અને સમાધાન મળે અને બીજા એવા પણ હશે જે એવું માનતા હોય કે કેવળ તેમના સંપ્રદાય દ્વારા મળતા આનંદ અને સાંત્વના જ યોગ્ય અને ઉત્તમ ગણાય. આવા સમૂહો વચ્ચે ઝઘડા થાય જ. આવી અનિવાર્ય અને ટાળી ન શકાય તેવી તકરારો માટે જગ્યા રાખીને પણ એવી કોઈ સમન્વયની વ્યવસ્થા ન થઈ શકે કે જ્યાં બધા લોકો એકઠા થાય અને પોતાના મતભેદો ભૂલી જાય? ભારતના ધાર્મિક આદર્શોમાં શું એવી મોકળાશ નથી જ્યાં સંપૂર્ણ માનવજાતને પ્રકાશ અને ખુલ્લી હવા મળતી રહે? સંપ્રદાયવાદી ઝનુનીનું જોશ જોઈએ તો કોઈને પણ શંકા ઉપજે, સાવ નજીવા કારણસર જે લોહિયાળ જંગ ખેલાય છે તે જોઈને શંકા ઉપજે, ધર્મની પરવાનગીના ઓઠા નીચે માણસ માણસ વચ્ચેના અપમાનકારી, જુલ્મી ભેદભાવોને જે રીતે જીવતા રખાય છે તે જોઈને શંકા ઉપજે. છતાં, આ બધા છતાં જ્યારે હું પાછળ ફરીને ભૂતકાળમાં પોતાના સંપૂર્ણ સત્વ સાથે પાંગરેલી ભારતની પોતાની નિર્મળ, સુંદર સંસ્કૃતિને જોઉં છું, ત્યારે હું છાતી ઠોકીને કહી શકું છું કે આવી મોકળાશ જરૂર છે. આપણા પૂર્વજોએ એકાત્મકતાની પવિત્ર, નિર્મળ જાજમ જરૂર બીછાવી હતી, જ્યાં આખી દુનિયાને ભાઈચારા અને સદ્‌ભાવપૂર્વક હળવા મળવાનું આમંત્રણ હતું. અહીં કોઈ ઝઘડાને અવકાશ જ ન હતો, કારણ કે અહીંથી જ એકમેવ ઈશ્વરને નામે શાંતમ્, શિવમ્, અદ્વૈતમ્ નું શાશ્વત સત્ય ઉચ્ચારવામાં આવ્યું હતું.

ભારતીય સંસ્કૃતિ પોતે પોતાનો આગવો તત્ત્વવિચાર જરૂર છે, જેણે અસ્તિત્વના મૂળભૂત પ્રશ્નો વિષે વિચાર્યું છે, અનુભવ કર્યા છે અને પોતાના આગવા પ્રકાશને સહારે એના નિરાકરણ માટે પ્રયત્ન કર્યો છે.


ગયે મહિને તમને મળ્યું : **એલ્વિન ટોફલરની આસપાસ**

**લેખક : ડૉ. ધીરજ છેડા, કિંમત રૂા. ૪૫.૦૦**

આવતે મહિને તમને મળશે : **ત્રીસ વર્ષે (નવલકથા)**

મૂળ લેખક : જહોન ગ્રિશમ, અનુવાદક : જ્યોતિભાઈ દેસાઈ

# ૩. સંસ્કૃતિ - એક આભાસી કેન્દ્ર

## ઓશો

હું એવું કાંઈક કહી રહ્યો છું, જેને આપણો ભારત દેશ તદ્દન ભૂલી ગયો છે. આ દુઃખદ છે. ભારત સત્વને ભૂલી ગયું છે. હજારો વર્ષથી એ વિચારોની એક ધૂંધળી અવસ્થામાં જીવ્યું છે. એટલું જ નહીં, અવસ્થા સાથે એને એક જાતનો લગાવ થઈ ગયો છે, એક વળગણ થઈ ગયું છે. સાદું કારણ એ જ છે કે એની પાસે વળગવા માટે બીજું કાંઈ નથી. એના અહમ્ માટે આ એક જ આધાર છે.

બાવીસ સદીઓ ભારત રાજકીય ગુલામીમાં રહ્યું. આટલા લાંબા સમય સુધી ગુલામ રહેલા દેશ પાસે એના સ્વાભિમાનને પોષવા માટે રાજકીય રીતે તો કશું જ ન હોઈ શકે. ઉપરાંત પાંચ હજાર વર્ષથી ભારત ખૂબ અંધશ્રદ્ધાયુક્ત, વહેમીલા માનસમાં જીવી રહ્યું છે. પુરોહિતો અને ધર્મગુરૂઓએ એના પર ભારે વર્ચસ્વ જમાવેલું છે. તેમના શોષણ અને જુલમને કારણે ભારત આજ દીન સુધી સત્યનો માર્ગ શોધી શક્યું નથી. પાંચ હજાર વર્ષથી આપણે જાણે આધ્યાત્મિક ગુલામી ભોગવી રહ્યા છીએ.

દેખીતું છે કે આપણી પાસે - દેશ પાસે - સ્વાભિમાન માટે કોઈ આધાર નથી, ન તો વિજ્ઞાન, નહીં ટેકનોલોજી, ન સમૃદ્ધિ. હવે વ્યક્તિ તો એક વાસ્તવ છે, જે સ્વાભિમાન વિના પણ અસ્તિત્વ ધરાવી શકે, પણ કોઈ રાષ્ટ્ર, કોઈ જાતિ, ધર્મસંસ્થા કે રાજ્યસંસ્થા સ્વઓળખ, અહમ્ કે સ્વાભિમાન વિના અસ્તિત્વ જ ન ધરાવી શકે. સ્વઓળખ કે સ્વાભિમાન વગર આ બધા વેરવિખેર થઈ જાય. એટલે જ, બુદ્ધિ કોઈ ઓળખ વિના અસ્તિત્વ ધરાવી શકે, બૌદ્ધો નહીં. કૃષ્ણ ઓળખ વિના અસ્તિત્વ ધરાવે, હિંદુ નહીં. ધ્યાનમાં રહે કે આભાસી ખ્યાલોને આભાસી કેન્દ્ર જોઈએ જ, નહીં તો તે વેરવિખેર થઈ જાય.

ભારતને આવા આભાસી કેન્દ્રની ખૂબ જરૂર હતી, અને આવું કેન્દ્ર એને કહેવાતી આધ્યાત્મિકતામાં મળી ગયું. અને એ સહેલું હતું, કારણ કોઈએ કશું સાબિત કરવાનું નહોતું. કેવળ એક સ્વર્ગ કે મોક્ષની આશા જ સર્જવાની હતી. અને એ માટે ચતુર બ્રાહ્મણો અને ધર્મગુરૂઓ તૈયાર જ હતા. પણ મને કહેવા દો, આ પાંચ હજાર વર્ષ જુની જુઠ્ઠી, ખોખલી આધ્યાત્મિક્તાએ ભારતનું કંઈ ભલું કર્યું નથી.

પણ આ સંસ્કૃતિમાં કોઈ વિધાયક બદલાવ સહેલો નથી, કારણ કે બદલાવ આમ પણ મુશ્કેલ હોય છે. એ તમારા બંધારણને સખળડખળ કરી નાખે છે. તમારી જામી પડેલી ટેવોની સામે પડે છે, તમારા નશાને ઝકઝોરી નાખે છે. અને ભારત ઘણા લાંબા સમયથી ઘેનમાં છે. આપણને ભારતવાસીઓને ભૂતકાળનો નશો છે. કારણ

આપણી પાસે કેવળ ભૂતકાળ છે. સદીઓથી આપણને કોઈએ કહ્યું નથી કે તમે મૃતપ્રાય છો, જીવંત નથી, તમે સંકોચાઈને મરણાસન્ન થતા થયા છો. તમે પ્રભાવક રીતે સંપૂર્ણ જીવન જીવવાનો ઉત્સાહ જ ખોઈ બેઠા છો. બલ્કે, આપણાં વખાણ કરવામાં આવે છે. અહીં ચહેરાની ફિકાશને જાણે આભાવર્તુળ તરીકે નવાજવામાં આવે છે. જીવન વિરોધી વલણોને મહાન આધ્યાત્મિક કલ્પનાકથાઓ બનાવી દેવાય છે. મનોરોગીઓના વિચિત્ર અનુભવોને 'સમાધિ'નો દરજ્જો આપી દેવાય છે, ગાંડપણને દિવ્યકૃપાનું માન બક્ષવામાં આવે છે. નિરર્થક વાણીવિલાસને અર્થગર્ભ ઉપદેશમાં ખપાવાય છે, મૂર્ખાઓની પૂજા થાય છે, વિકૃત મનોદશાઓને (સ્વપીડકોને મહાન સંત માનવામાં આવે છે) આધ્યાત્મિક અનુસંધાન પૂરું પડાય છે.

મારે દેશને અને દુનિયાને આ મૂર્છામાંથી બહાર કાઢવાં છે. મારે તમને સંપૂર્ણતામાં જીવતાં શીખવવું છે. હું કોઈ ફિલસૂફીનો પ્રચારક નથી. હું કોઈ ફિલસૂફી માટે દલીલો કરતો નથી. જો હું એવું કરતો હોત તો કોઈને ક્યાંય નડત નહીં. ભારતે ઘણી ફિલસૂફીઓ જાણી છે. બુદ્ધે વેદોને પડકાર્યા, કોઈ વંટોળ ઊભો ન થયો. મહાવીરે ઉપનિષદોનો વિરોધ કર્યો, કાંઈ વાંધો ન આવ્યો. શંકરે બુદ્ધ અને મહાવીર બંને સામે દલીલો કરી, કોઈ આકાશ ન તૂટી પડ્યું. રામાનુજ શાંકરમતથી વિરુદ્ધ પડ્યા, કોઈ તોફાન ન જાગ્યું. એ સ્વીકારાયેલી હકીકત છે કે તમે કોઈ તાત્ત્વિક મંતવ્ય કે આધાર માટે દલીલો કરો છો તો કોઈને કંઈ ચિંતા હોતી નથી, કારણ કે બધું હવામાં હોય છે, વ્યક્તિના રોજબરોજના જીવનમાં એથી કોઈ બદલાવ આવતો નથી.

સોક્રેટીસને એથેન્સની કોર્ટ દ્વારા કહેવામાં આવ્યું, ''તમે સત્ય વિષે બોલવાનું છોડી દો તો તમારો મૃત્યુદંડ માફ.'' સોક્રેટીસને એ માન્ય ન હતું. એણે જે શબ્દો ઉચ્ચાર્યા તે ઘણા સુંદર હતા. એણે કહ્યું, ''આ તો મારો ધંધો છે. જેમ હું શ્વાસ લઉં છું, એમ જ હું સત્ય વિષે બોલુ છું. હું એ વિના જીવી જ ન શકું.''

અને ... મારા જેવા લોકોનું કામ જ આ છે!

---

(પાના નં. ૬નું અનુસંધાન)

તો 'દર્શન' કહે છે. આવા દર્શન અનુસાર આચરણ કરવામાં અને જીવન ઘડવામાં ભલે ગમે તેટલો વખત લાગે, ભલે યુગ વીતી જાય, પણ દર્શન તો દર્શન જ છે. ભારતીય સંસ્કૃતિનું આવું વ્યાપક દર્શન આપણા મનમાં, ચિત્તમાં, હૃદયમાં રહેશે, તો આપણે ભારતીય સંસ્કૃતિની હજી આગળ ઉન્નતિ ને ઉત્કર્ષ કરી શકીશું.

(પૂ. વિનોબાજીની 'ભારતીય સંસ્કૃતિ' પુસ્તિકામાંથી સાભાર)

## ૪. કલ્ચરસ્કેપ

### સંપાદક : 'સેમિનાર'

શું આ આશ્ચર્યકારક નથી કે સાંસ્કૃતિક અભ્યાસનું ક્ષેત્ર ઝડપથી વિકસતું જતું હોવા છતાં 'સંસ્કૃતિ'ની આપણી સામાન્ય સમજમાં ઘણો ગુંચવાડો પ્રવર્તે છે? 'સંસ્કૃતિ'ને લગતો અભ્યાસ એ સાપેક્ષતા, પરિપ્રેક્ષ્ય અને રૂપકોનાં અર્થઘટન ઉપર ખાસ ભાર મૂકતો હોવા છતાં આમ બને છે. આપણે ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતા અને શાશ્વતતાનાં કેવળ વીરગાન કરીને અટકતા નથી, પણ આપણામાંના ઘણા માને છે કે આપણે એક પ્રજા તરીકે જુદા અને ખાસ છીએ, અને એટલે આપણી શાસકોની તથા ભદ્રવર્ગની પણ ફરજ બની જાય છે કે આપણે આપણા સાંસ્કૃતિક સત્વનું રક્ષણ અને સંવર્ધન કરીએ!

પણ આ સાંસ્કૃતિક સત્વ ખરેખર શું છે, જે આપણને વ્યાખ્યાયિત કરે છે અને જેનું આપણે રક્ષણ કરવાનું છે? વેદોનો ઉપદેશ? રામાયણ અને મહાભારતનું નીતિશાસ્ત્ર? શું એ ખરેખર સાચું છે કે આપણે એક ધાર્મિક અને આધ્યાત્મિક પ્રજા છીએ જે હક્કો કરતાં ફરજોને વધુ મહત્ત્વ આપે છે, જે અહિંસા, ત્યાગ અને બલિદાનને પ્રાથમિક મૂળભૂત મૂલ્યો તરીકે જીવનમાં સ્થાન આપે છે? આપણામાંના ભાગ્યે જ કોઈના જાતઅનુભવો આ વાતની સાક્ષી પૂરશે અને છતાં આવી કપોળકલ્પના અસ્તિત્વ ધરાવે છે!

'સંસ્કૃતિ'ની શાસ્ત્રીય વ્યાખ્યાને ઘડીભર બાજુએ મૂકીએ તો પણ, એ સ્પષ્ટ છે કે સંસ્કૃતિના નામે આપણે ત્યાં જે વિચારો, ખ્યાલોનું પ્રતિપાદન કરવામાં આવે છે એ કોઈ સ્થિર, શાશ્વત ખ્યાલો નથી. આ બધા જ ચર્ચાના દાયરામાં રહ્યા છે. આ બાબતે અસ્તિત્વ ધરાવતા આદિકાળનાં કલ્પનો ભલે સ્થાયી અને વ્યાપક હોય, પણ એટલું જરૂરથી કહી શકાય કે સંસ્કૃતિને યોગ્ય રીતે સમજવી હોય તો એને એક પરિવર્તનશીલ, ઉત્ક્રાંતિ પામતી પ્રક્રિયા તરીકે સમજવી પડે.

એ રીતે જોતાં, આપણે જેટલું જલદી એ સમજીશું કે આપણે કોઈ ખાસ રીતે બીજા કરતાં જુદા નથી, ખાસ પરિસ્થિતિઓમાં આપણે પણ બીજી કોઈ પણ પ્રજાની જેમ જ વર્તીએ છીએ, તો આપણે આપણી સંસ્કૃતિના ગૌરવગાનના નશામાંથી જલદી છુટકારો પામીશું અને આધુનિક, સ્વતંત્ર વિશ્વ સાથે કદમ મિલાવતાં શીખીશું.

આધુનિકતા સાથેના સંસર્ગથી આપણામાં આવતો બદલાવ, વધારે તો એની ગતિ, જ્યાં જુઓ ત્યાં સ્પષ્ટ વર્તાય છે. આપણે ઉપભોક્તા તરીકે આધુનિક રીત રસમો અપનાવતા જઈએ છીએ. માધ્યમો, બજારની વસ્તુઓ, પોષાક, સંગીત,

રહેણાક, બધું જ આપણને પ્રાશ્ચાત્ય કે નવી દુનિયાનું ગમે છે. આપણે વ્યક્તિકેન્દ્રી, ભૌતિકવાદી અને આધુનિક સમાજ બનવાના રસ્તે જઈ રહ્યા છીએ. જો કે જાણીતા સમાજશાસ્ત્રી દીપાંકર ગુપ્તા આપણને યાદ કરાવે છે કે આ એક છીછરી, ઉપરછલ્લી પ્રક્રિયા છે, જેનાં લક્ષણો પાશ્ચાત્ય જીવનશૈલીના નશાનાં છે, એના સત્ત્વ-સ્વીકારનાં નહીં. સાચી આધુનિકતા, તેઓ કહે છે તેમ, યાંત્રિક પ્રગતિના પ્રતીકોમાં રહેલી નથી, ખરી આધુનિકતા તો એક મનોવલણ છે, જે શાશ્વત ધોરણો, મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે, જે વ્યક્તિની નાગરિક તરીકેની ગરિમાને પવિત્રમય ગણે છે.

કદાચ સંભવ છે કે છેલ્લી સદીના અતિઝડપી ઔદ્યોગીકરણ અને શહેરીકરણે, ખાસ કરીને સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી, આપણને પ્રજા અને સંસ્કૃતિની દષ્ટિએ બદલી નાખ્યા છે, પણ આપણો રાજકીય અને બૌદ્ધિક અગ્રવર્ગ હજી પ્રાચીન શાસ્ત્રો પર આધારિત ખ્યાલોથી જ પ્રભાવિત અને જકડાયેલો રહ્યો છે અને હજી સુધી મોગલોના કે ગુલામીના જમાનામાં હતા તેથી જુદા સામુહિક સામાજિક નીતિનિયમો કે સંસ્થાનોને વિકસાવવામાં અસફળ રહ્યો છે. આ કારણે આપણે આધુનિકતાની એષણા રાખવા છતાં આજ સુધી નાતજાતનાં બંધનો અને જાગીરદારી, જમીનદારી સમાજની વર્તનતરાહોમાંથી મુક્ત થઈ શક્યા નથી, જાણે આપણે ક્યાંક અધવચ્ચે અટવાયા છીએ.

જો કે વ્યક્તિકેન્દ્રી કે શહેરી જીવન તરફના બદલાવના નકારાત્મક પાસાં નથી એવું નથી - મૂળ સાથે ઉખાડી જવાની વેદના, વધતી જતી હિંસા અને સામાજિક વિસંવાદો વગેરે આવાં નકારાત્મક પાસાં છે, જેના કારણે આપણને અનુભવાતાં ઘણાં પરિવર્તનો ક્ષુબ્ધ કરે, ચિંતા પ્રેરે એવાં છે. પણ આને પાશ્ચાત્ય આધુનિકતા કે વૈશ્વિકિકરણના અનિચ્છનીય પણ અનિવાર્ય પરિણામો તરીકે ઘટાવવાં અને તેથી દોરાઈને સાંસ્કૃતિક આદાનપ્રદાન ઉપર બંધનો લાદવા એ તો એનાથી ડરીને એના શિકાર બનવા જેવું થશે.

આજે આપણને જરૂર છે આપણી જાતને પુરાણા ખ્યાલોના પ્રભાવમાંથી મુક્ત કરવાની, પ્રામાણિકતાથી ભારતીય ભૂમિ પર દેખા દેતાં પરિવર્તનોનું મૂલ્યાંકન કરવાની અને આ પરિવર્તનોની ઈચ્છનીયતા કે અનિચ્છનીયતા બાબતે કોઈ ઉતાવળે અભિપ્રાય બાંધી લેવામાંથી બચવાની. કારણ કે આવા યોગ્યાયોગ્યતાના ઉતાવળા ફેંસલાથી વધારે સર્જનાત્મકતાને ગુંગળાવનાર બીજું કાંઈ નથી.

(સેમિનાર - મે ૨૦૦૧માંથી સાભાર)

---

**ખાસ નોંધ**

**તમે મંગાવેલ પુસ્તકો અથવા અંક ન મળ્યાની ફરિયાદનું નિવારણ અઠવાડિયામાં બે દિવસ થાય છે. આથી એટલો સમય ગણીને ચાલવું.**

# ૫. ભારતીય સંસ્કૃતિ

## સચ્ચિદાનંદ

એક શબ્દ ભારતીય પ્રજાને બહુ મોટો નશો ચડાવી રહ્યો છે તથા તેના કારણે પ્રજાનો મોટો વર્ગ વાસ્તવવાદી થવાની જગ્યાએ કલ્પનાપ્રેમી બની રહ્યો છે. આ શબ્દ છે 'ભારતીય સંસ્કૃતિ'.

ભારતીય સંસ્કૃતિ એટલે શું? મોટા મોટા વિદ્વાનોને આ પ્રશ્ન પૂછશો તો પણ સંતોષકારક ઉત્તર મળશે નહિ. કારણ કે તેનો નિશ્ચિત અર્થ કરવો કઠિન છે. નિશ્ચિત વેશભૂષા, નિશ્ચિત ભાષા, નિશ્ચિત વિધિવિધાનો, નિશ્ચિત આચારો કે નિશ્ચિત જીવનમૂલ્યો આ બધાનું સંયુક્ત રૂપ સંસ્કૃતિ (ભારતીય સંસ્કૃતિ) હોય તો આપણે સ્વીકારવું જોઈએ કે વગર પ્રચારે વિશ્વભરમાં પશ્ચિમી સંસ્કૃતિ પ્રસરી રહી છે. પ્રયત્ન કરીને પણ ધોતિયું, ડગલો, પાઘડી વગેરે પોશાકને આપણે આપણી નવી પેઢીમાં ઉતારી શકતા નથી. તો વિશ્વની પ્રજા ધોતિયું પહેરતી થાય તેવી તો કોઈ શક્યતા જ નથી. ભાષાની દૃષ્ટિએ અંગ્રેજીની બોલબાલા ભારતમાં જ વધુ થઈ રહી છે. કોઈ અંગ્રેજ પ્રચારકો દ્વારા નહિ, સ્વયં આપણા દ્વારા જ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલોમાં ભણવું એ ગૌરવની વાત થઈ છે. આપણાં જ કુમળાં બાળકો ઈંગ્લિશ સ્કૂલોમાં ભણીને 'મને ગુજરાતી નથી આવડતું' એવું કહેવામાં મોટાઈ અનુભવે છે. તેમનાં માતાપિતા પણ આવું જ ગૌરવ અનુભવે છે. જો આપણા દેશમાં જ આપણી માતૃભાષાની આવી દશા હોય તો પરદેશમાં તેનો વ્યાપ તથા પ્રભાવ વધે કે વધશે તેવી આશા રાખવી એ કલ્પના છે.

નિશ્ચિત પ્રકારનાં વિધિવિધાનો (કર્મકાંડો) પણ વિદાય લઈ રહ્યાં છે. લગ્નાદિ વિધિઓમાં હવે વિધિઓનું મહત્ત્વ રહ્યું નથી. વીડિયોવાળાનું જ મહત્ત્વ વધી રહ્યું છે. લોકોને કર્મકાંડોમાં રસ પણ નથી અને તે માટે સમય પણ નથી. વિધિ કરવી જ હોય તો ઝટપટ ટૂંકમાં પતાવી દેવાની. આચારો પણ બદલાયા છે. મોટા ભાગે ખાવા પીવા, ઊઠવાબેસવાના આચારો બદલાઈ ગયા છે. આજે પાટલા ઉપર બેસીને જમનારાઓની સંખ્યા કેટલી? મોટા ભાગે સામાન્ય સુખી ઘરમાં પણ ટેબલ-ખુરશી ઉપર બેસીને જમવાનું ચાલુ થઈ ગયું છે. રસોડાં પણ ઊભાં બન્યાં છે. ખાવાપીવાની વાનગીઓ પણ પશ્ચિમ તરફ દોટ મૂકતી જ જોઈ શકાય છે.

જીવનમાં નિશ્ચિત મૂલ્યોની બાબતમાં પણ આવું જ પરિવર્તન જોઈ શકાય છે. છૂટાછેડાનું પ્રમાણ વધતું જ રહ્યું છે. હવે માતાપિતા ગમે ત્યાં ગમે તેમ છોકરાંઓના લગ્ન ગોઠવી શકતા નથી. છોકરાંઓનો અવાજ તથા પસંદગીને પણ સ્થાન મળવા લાગ્યું છે. મૈત્રીકરાર, ત્યક્તાનાં લગ્ન, વિધવાનાં લગ્ન કરીને-કરાવીને પણ જીવનનાં મૂલ્યોને ઘસારો પહોંચતો નથી. 'એક ભવમાં બે ભવ ન કરાય' તેવું જ જીવનમૂલ્ય સ્ત્રીઓ માટે (પુરૂષો માટે નહિ) હતું તે હવે રહ્યું નથી. લગ્ન પહેલાં પણ એકબીજાને મળવું, સાથે ફરવું વગેરે નવાં મૂલ્યો સ્થાપિત થતાં જાય છે. સ્રી નોકરી કરે, સાઈકલ-મોટર સાઈકલ કે કાર ચલાવે,

ઉઘાડુ માથું રાખે, વાળ કપાવે અને પુરૂષોની સાથે છૂટથી હળેમળે, વાતો કરે, વહીવટ કરે વગેરે પરિવર્તનો હવે નવાઈ કે આંચકો આપનારાં રહ્યાં નથી.

પ્રજા સતત ગતિશીલ છે. એટલે તેની જીવનપદ્ધતિ પણ બદલાતી રહી છે. આપણને ગમે કે ન ગમે પણ આ પરિવર્તનને રોકી શકાતું નથી. મૂળ પ્રશ્ન એ છે કે, આ બધું પરિવર્તન ભારતીય સંસ્કૃતિના તાણાવણામાં થાય છે કે પશ્ચિમના પ્રવાહમાં થાય છે? આપણે સૌએ સ્વીકારવું પડશે કે આપણા સૌના ઉપર પશ્ચિમી જીવનપદ્ધતિ આપોઆપ પ્રસરી રહી છે. આપણાં સંડાસ-બાથરૂમ, બગીચા, બંગલા, પુષ્પો, શોભાના છોડવાઓ, વસ્ત્રો વગેરે બધે જ તમને પશ્ચિમનો પ્રભાવ દેખાશે. એવું શું કારણ છે કે વગર પ્રચારકે આ પ્રભાવ વિશ્વભરમાં પ્રસરી રહ્યો છે? અને લાખો માણસો 'ભારતીય સંસ્કૃતિ'ની બૂમો પાડીને મંડપો ગજવે છે તો પણ તેમના પોતાના ઘરમાં પણ ભારતીય સંસ્કૃતિ દુર્લભ થવા લાગી છે!

મને લાગે છે કે 'ભારતીય સંસ્કૃતિ'ની બૂમો પાડનાર ગંભીર નથી. જો તેઓ ગંભીર હોત તો પહેલાં પોતાના ઘરમાં જ ભારતીય અને પશ્ચિમી સંસ્કૃતિની ટકાવારી જોઈ શકત. આ સંસ્કૃતિપ્રેમીઓ ઘરમાં સર્વત્ર પશ્ચિમીકરણની સગવડો ભોગવે છે. કોઈ તો વળી મંચ ઉપર ભારતીય સંસ્કૃતિની મહત્તા સમજાવે છે પણ સ્વપ્નેય તે બાબતમાં ગંભીર નથી હોતા. આચાર અને વિચારની આ વિષમતા આચારની દુર્બળતાથી નહિ, પણ વિચારની અગંભીરતાના કારણે સર્જાય છે.

**બળવાન સંસ્કૃતિનો પ્રભાવ :**

આપણે સૌએ એ ધ્યાન રાખવાનું છે કે એકીસાથે અનેક સંસ્કૃતિઓના પ્રવાહ સમાંતર વહેતા હોય છે. જે જે સંસ્કૃતિઓ એકબીજાની સમીપથી વહેવા લાગે છે તેમાં જે બળવાન સંસ્કૃતિ હોય છે તે પાસે વહેતી સંસ્કૃતિને પ્રભાવિત કરે છે. વધુ બળવાન સંસ્કૃતિ સૌના ઉપર છવાઈ જાય છે. સંસ્કૃતિ જીવનપદ્ધતિ તથા જીવનના મૂલ્યો નિર્ધારિત કરતી હોય છે. જે જીવનપદ્ધતિ વધુમાં વધુ વૈજ્ઞાનિક અભિગમવાળી તથા માનવતાવાદી હોય છે તે બળવાન બને છે. જો જીવનપદ્ધતિ જ અવૈજ્ઞાનિક હોય અને અમાનવતાવાદ જ આદર્શ હોય તો તેવી સંસ્કૃતિ આપોઆપ ક્ષીણ અને દુર્બળ થવા લાગે છે. પશ્ચિમી સંસ્કૃતિ જો વગર પ્રચારકે પણ વિશ્વભરમાં પ્રસરી રહી છે તો તેનું કારણ તેનું વૈજ્ઞાનિક વલણ તથા માનવતાવાદી અભિગમ છે.

વૈજ્ઞાનિક વલણ એ અર્થમાં કે તેનો પોશાક કોટ પાટલૂન વગેરે ઓછાં કપડે પૂરું શરીર ઢાંકે છે. ચાલવા વગેરમાં અનુકૂળ રહે છે. તેનાં ગજવાં પણ ઉપયોગી થાય છે. જ્યારે ધોતિયું પાંચ મીટરનું હોવા છતાં એક પગ ઉઘાડો રાખે છે. લઘરવઘર હોવાથી ચાલવા, દોડવા, લડવામાં કે કામ કરવામાં અંતરાય બને છે. આવી જ રીતે દશ મીટર લાંબા કાપડની પાઘડી કે સાફો વિદાય થઈ રહ્યાં છે. નવી પેઢીને જોર કરીને પણ તે સ્વીકારાવી

નહિ શકાય. અરે, લગ્ન તો ઠીક, જનોઈના પ્રસંગે પણ બટુકોને કોટ-પાટલૂન પહેરાવાય છે. સફેદ ટોપીમાં વૈજ્ઞાનિકતા કરતાં સસ્તાપણાનો અભિગમ વધુ રહ્યો છે.

ભારત જેવા ગરમ દેશમાં (જ્યાં દશ મહિના સૂર્યનાં તીવ્ર કિરણો વરસ્યા કરે છે) માત્ર શ્રીમંતોને જ નહિ પણ ગરીબ મજૂરોને પણ ફરતી છાજલીવાળી ટોપી આપવી જોઈએ. મેં જાપાન, કોરિયા વગેરે દેશોમાં ખેતમજૂરોને પણ આઠ-આઠ ઈંચની છાજલીવાળી વાંસની હૅટ પહેરીને ખેતરોમાં કામ કરતા જોયા છે. આ ટોપીથી સૂર્યનો તડકો, વરસાદ વગેરે તેમના ચહેરા ઉપર નથી પડતા. ભારતના મજૂરનો ચહેરો ખુલ્લો રહેતો હોવાથી એક તો બહુ જલદી શ્યામ પડી જાય છે. સતત તડકો લાગવાથી ચામડીમાં કરચલીઓ પડી જાય છે તથા આંખોના લેન્સ ખેંચાયેલા રહેવાથી બહુ જલદી અંધાપો આવે છે. અમદાવાદ જેવા શહેરમાં ગરમીના દિવસોમાં ફૂટપાથ ઉપર છાજલીવાળી તરેહતરેહની ટોપીઓ વેચતા લોકો જોઈ શકાય છે. મેં મારા બધા કડિયાઓને મોટી છાજલીવાળી હેટ લાવી આપી હતી. તેથી તેમને તડકામાં કડિયાકામ કરતાં ઘણી રાહત થઈ હતી. આ વૈજ્ઞાનિક અભિગમ છે, જેને પ્રજા સ્વીકારી રહી છે.

**માનવતાવાદી પક્ષ :**

સંસ્કૃતિનો બીજો પક્ષ માનવતાવાદી છે. સ્ત્રીને ઘૂમટો તણાવવો, ઓઝલ કે બુરખો રાખવો, વૈધવ્ય પળાવવું, વૈધવ્ય પળાવવા માટે માથું મૂંડાવવું તથા નિશ્ચિત પ્રકારની વેશભૂષા પહેરાવવી, ત્યક્તાને પણ એવી જ રીતે પરાશ્રિત જીવનનું જીવવું, શુદ્રો અને અસ્પૃશ્યો પ્રત્યે તિરસ્કારભર્યો વ્યવહાર, સતીપ્રથા, દેવીદાસીપ્રથા, દૂધપીતીપ્રથા, કજોડાં ગોઠવવાં તથા કોઈ પણ ભોગે તેને નિભાવવા માટે દબાણ કરવું-આ બધા જો સંસ્કૃતિના અંશ હોય તો તે અમાનવીય છે. જેની સાથે આ વ્યવહાર થાય છે તેની દૃષ્ટિએ જો સંસ્કૃતિને મૂલવવામાં આવે તો 'ત્રાસ' શબ્દ જ આપણા કાને પડશે. જેમને ઘૂંઘટપ્રથાને સનાતન બનાવવી છે તે જ સંસ્કૃતિના નારાની બૂમો પાડશે, જેને પુરૂષની માફક સ્ત્રીને પણ પ્રભાવી થવા દેવી છે તેઓ પરિવર્તનને ઝંખશે અને સ્વીકારશે.

**વિશાળતાથી જ સાતત્ય અને અસ્તિત્વ :**

પશ્ચિમને ગાળો દેવા કરતાં પશ્ચિમનો પ્રભાવ વિશ્વભરમાં વગર પ્રચારકે કેમ પ્રસરી રહ્યો છે તેનું અધ્યયન કરવું જોઈએ. મોટા ભાગે ધાર્મિક પુરૂષો પાસે આવી દૃષ્ટિ કે અધ્યયન નથી હોતું એટલે વિષયની ગંભીરતાને સ્પર્શ્યા વિના જ ઝનૂનપૂર્વક એકપક્ષી બૂમબરાડા પાડીને ધાર્મિક મંચો ગજવી મૂકતા હોય છે જેનાથી પ્રતિક્રિયાવાદી નિરાશા જન્મતી હોય છે. આવી નિરાશા જ જાણે કે ધર્મપ્રચાર થઈ ગઈ છે.

સંસ્કૃતિ એક વહેતી નદી છે. તેમાં સતત આજુબાજુની નદીઓ ભળ્યા કરે છે. પણ જો તે (સંસ્કૃતિ) વિશાળ નહિ હોય તો તેણે પોતે જ બીજામાં ભળી જવું પડતું હોય છે. વિશાળતા વિના સાતત્ય કે અસ્તિત્વ શક્ય નથી.

(બ્લોગમાંથી)

## સંવાદ

# ૧. સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો

**મનન વ્યાસ**

દરેક સમાજમાં કાળક્રમે કેટલાક મૂલ્યો સ્થપાતા હોય છે. તે મૂલ્યો તે સમાજની આર્થિક, ધાર્મિક પરિસ્થિતિ-માન્યતાઓને કારણે આપમેળે ઘડાતા જતા હોય છે. ક્યારેક કોઈ પ્રતિભાવાન વ્યક્તિ એ સમાજમાં કેટલાક નવા મૂલ્યો સ્થાપિત કરે છે. એવી વ્યક્તિ તે વિસ્તારનો રાજા હોય, સંતપુરુષ હોય કે સમાજ સુધારક હોય. સમય સાથે આ મૂલ્યો બદલાયા કરે છે. એ સમાજના મૂલ્યો તેમના રીતરિવાજો, કુટુંબ વ્યવસ્થા, લોકોના અરસપરસના વ્યવહારોમાં અનાયાસ છતા થયા કરતા હોય છે. તે મૂલ્યોનો પ્રસાર, તેનાં મહત્ત્વની સમજણ તે સમાજના સંતો દ્વારા કે વાર્તાઓ, નાટકો કે ગીતો દ્વારા પ્રગટ થયા કરે છે. આજના જમાનામાં એ કામ ટીવીની સીરિયલો અને ફિલ્મો કરે છે.

સામાન્ય શિરસ્તો એવો છે કે મહદ્ અંશે સમાજના આબાલવૃદ્ધ લોકો એ સામાજિક મૂલ્યોને અનુસરે, જે વ્યક્તિ તેવું ના કરે તેને સમાજ દંડ કરે. જે વ્યક્તિ વારંવાર તેને ઉથાપિ તેને 'અસામાજિક તત્ત્વ' કહેવાય. ફિલ્મોની ભાષામાં એને 'ખલનાયક' કહેવાય. તે એવી વ્યક્તિ છે જે સમાજમાં રહીને એ સમાજના સામાજિક મૂલ્યોની છડેચોક અવહેલના કરે છે.

આપણા ભારતીય સમાજ કે ગુજરાતી સમાજના મૂલ્યો કોને કહીશું? સત્ય, અહિંસા, અસંગ્રહ, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય, સાદગી, સહિષ્ણુતા, સર્વધર્મસમભાવ, વિગેરે. આને ગાંધી મૂલ્યો નહીં કહીઓ કારણ કે આ બધા મૂલ્યો પતંજલિના અષ્ટાંગયોગમાં દર્શાવેલા છે જ. આ ઉપરાંત કુટુંબ ભાવના, વડીલોને આદર, સ્ત્રી સન્માન, પ્રકૃતિનો આદર, શાકાહાર, અરસપરસ વિશ્વાસ, કરકસર વિગેરે.

આજે આ બધા મૂલ્યો પ્રત્યે આપણે સજાગ છીએ? શું એ આપણા માટે એટલા મહત્ત્વના છે? જો એ મૂલ્યોનું પાલન નહીં કરીએ તો આપણા પર 'અસામાજિક તત્વ' હોવાની છાપ લાગશે? આપણા સામાજિક વ્યવહારો પર, આપણી સામાજિક સાખ પર એની કોઈ અસર પડશે?

આજના આપણા આરાધ્યો-સંતો, ધર્મગુરૂઓ, શિક્ષકો, રાજકારણીઓ, સાહિત્યકારો, અગ્રણી ઉદ્યોગપતિઓ, કહેવાતા બધા સેલિબ્રિટિઝ સાથે આપણામાંના મોટા ભાગના સામાન્ય લોકો આપણે માનેલા, સ્વીકારેલા સામાજિક મૂલ્યોને મહત્ત્વ આપતા લાગે છે? આપણી ફિલ્મો, ટીવી સીરિયલો આપણા સમાજના કયા મૂલ્યોનો પ્રસાર કરે છે?

હમણા 'જાને પહેચાને' નામની એક ટીવી ધારાવાહિકમાં હિન્દી ફિલ્મોના જાણીતા

સંવાદ લેખક અને ગીતકાર જાવેદ અખ્તરે સરસ વાત કરી. ''અગાઉની ફિલ્મોમાં ખલનાયક તરીકે જામીનદારો હતા. પછી દાણચોરો આવ્યા. ઈમરજન્સી પછીની ફિલ્મોમાં રાજકારણીઓ ખલનાયક તરીકે દેખાયા. પછી ધર્મગુરૂઓ આવ્યા. હવે કોઈ પણ સામાન્ય માનવી - હિરો પણ ખલનાયક બનવામાં ક્ષોભ રાખતો નથી. આ આપણા બદલાતા સામાજિક મૂલ્યો દર્શાવે છે. ઉપરાંત આજે લોકોને, ખાસ તો બાળકો અને યુવાનોને હીરો કરતા ખલનાયક વધારે પ્રિય છે. ગબ્બર કે મોગામ્બો આજે પણ એટલા જ લોકપ્રિય છે. જે વ્યક્તિ સમાજના બધા મૂલ્યોને ફગાવીને જીવે તે સામાન્ય પ્રેક્ષકને બહુ રોમાંચિત કરી દે છે.''

હિન્દી ફિલ્મના ખલનાયક ગુલશન ગ્રોવરને એક ઈન્ટરવ્યૂમાં પૂછેલું કે - ''તમને બધી ફિલ્મોના અંતમાં હિરો ખૂબ મારે કે મારી નાખે તે જોઈને તમારી દીકરી કે દીકરાને કેવું લાગે છે?'' તેનો જવાબ આપતા ગુલશને સરસ વાત કરેલી : ''હું મારા દીકરાને સમજાવું છું કે જે વ્યક્તિ ખોટું કામ કરશે તેને ક્યારેક ને ક્યારેક તો કોઈ સજા અવશ્ય મળશે. તે ભોગવ્યા વગર છૂટકો જ નથી. જો સમાજે સ્વસ્થ રહેવું હોય તો આ અનિવાર્ય શરત છે.'' પણ શું આવું થાય છે? તેની સામે આજની ફિલ્મો 'ડોન-૨' કે 'ધૂમ-૨' કે 'ગુરૂ'નો હીરો, જે પોતે વિલન પણ છે, તે પોલીસના હાથમાં છેક સુધી આવતો નથી અને નિર્દોષ જાહેર થાય છે અથવા બિન્ધાસ્ત ભાગી જાય છે અને પરદેશમાં લહેરથી જીવે છે.

આપણે ભારતીય સંસ્કૃતિ કોને કહીશું? તે આપણી ફિલ્મો કે ટીવી સીરિયલોમાં દેખાય છે? થોડા વર્ષો પહેલા દક્ષિણ આફ્રિકામાં એક ગુજરાતી ઉદ્યોગપતિને ઘરે જમવા ગયો ત્યારે તેના વૃદ્ધ માતુશ્રીએ એક પ્રશ્ન કરેલો : ''અલ્યા તમે ભારતમાં કેવી સીરિયલો બતાવો છો? શું અમે બધી ભારતીય સાસુઓ વહુઓને હેરાન જ કરીએ છીએ?'' જો એ માજી આજની સીરિયલો (કુમકુમ ભાગ્ય કે કુંડલીભાગ્ય) જુએ તો શું કહે? આજે તો બહેન, ભાભી કે આવનારી વહુ કુટુંબના કોઈ સભ્યને, ખાસ તો અણગમતી સ્ત્રીને મારી નાખવાના કાવતરા કરતી જ દેખાય છે. પહેલા તો માત્ર માનસિક પજવણી કરતી હતી. હવે એમાંય વિકાસ કર્યો છે. પરદેશમાં જે બીનભારતીયો આ સીરિયલો જોતા હશે તેને આપણે આપણી સંસ્કૃતિની કઈ વાત બતાવીએ છીએ? શું આ દેશમાં નારી પૂજાય છે? અને શું અહીંયા દેવતાનો વાસ છે? ભારતમાં આટઆટલા બળાત્કારો સાથે દેવતા ક્યાં વાસ કરવા આવે?

આપણે એપિક ચેનલ પર પાકિસ્તાન, બ્રાઝિલ કે યુક્રેનની સીરિયલો જોઈ છે. તેમાંથી આપણને તેમની સંસ્કૃતિની ઘણી બાબતો જાણવા મળી. જેમ કે યુક્રેને બતાવ્યું કે એ સમાજમાં તમને કોઈ સાથે ઘોર દુશ્મની હોય તો પણ તમે એના નાના બાળકને માતાથી જુદું પાડો તો બહુ મોટું પાપ લાગે.

આપણી સંસ્કૃતિ માત્ર દંભ કરવાની હોય તેવું લાગે છે. આપણે સાચૂકલા ધાર્મિક છીએ જ નહીં. યોગનો એટલો ઢંઢેરો પીટ્યા પછી પણ આપણે યોગમાં આસનો અને પ્રાણાયામથી આગળ જઈને મનની શુદ્ધિ સુધી પહોંચવા જરાપણ પ્રયત્નશીલ નથી. યોગ દ્વારા આપણને પરમ શક્તિ

સુધી નથી પહોંચવું. બધા યોગવિદો ભલે કહે કે આ ચિકિત્સાશાસ્ત્ર નથી પણ આપણે તો 'યોગા'ને ડાયાબિટીસ કે હૃદયરોગ મટાડવા પૂરતો મર્યાદિત કરી દીધો છે. હિંદુ હોવાનું ગૌરવ લેવા કરતા આપણે પાટીદાર, ગુર્જર, રાજપૂત કે બ્રાહ્મણ હોવામાં વધારે ગૌરવ અનુભવીએ છીએ તે છેલ્લા બે વર્ષોના તોફાનોએ બતાવી આપ્યું છે. આ દેશ વૃદ્ધ માનસિકતાવાળા યુવાનોની બહુમતીવાળો દેશ બનતો જાય છે. જેનો આપણે ગર્વ લઈએ છીએ. (જામખંભાળીયા)

## ૨. આપણી સંસ્કૃતિ-ભવ્ય હતી

**જયેશ માવજી સાવલા**

આપણો ભૂતકાળ ભવ્ય જ હતો એમાં કોઈ શંકા નથી. આખા વિશ્વમાં માત્ર હિંદુ ધર્મમાં જ શાસ્ત્રાર્થની પ્રણાલી છે (કે હતી?) આવી ઉદારતા (ધાર્મિક સહિષ્ણુતા) અન્ય કોઈ ધર્મ પાસે નથી.

જ્ઞાનની ભવ્યતાની વાત કરીએ તો માત્ર આયુર્વેદને જોઈએ તો ફક્ત નાડી પરીક્ષણ દ્વારા જે રોગોનું નિદાન થતું હતું એ આજે કેટલાય પરીક્ષણો પછી પણ ડૉકટરો કહે કે બધું નોર્મલ છે અને દર્દી પીડાતો - રીબાતો હોય. એવી જ રીતે દિનચર્યા અને ઋતુચર્યા વિશેની સૂક્ષ્મ સમજણ, જ્ઞાન અને કળાની અનેક શાખાઓમાં આવી વિપુલતા, ઊંડાણ અને સૂક્ષ્મતા હતી.

હા, એ ખરું કે આ બધી પાંચ હજાર વર્ષો પહેલાંની વાતો છે. જ્યારે ગંગા કે સિંધુ નદીના કિનારે વસેલી અલગ અલગ સંસ્કૃતિઓ હતી. ત્યારે જીવન સહજપણે જ કુદરતના સાંનિધ્યમાં પ્રકૃતિ સાથે જીવાતું હતું. એ સમગ્રતામાં વિપુલતા અને સમૃદ્ધિ હતાં. એટલે એક તૃપ્તિભરી નિરાંતની સ્થિતિ હતી, જેના કારણે દેહની જરૂરિયાતોથી ઉપરની વાતોનું ચિંતન-દોહન થયું - જેના પરીપાકે વેદિક સંસ્કૃતિની સંરચના થઈ. આ સંસ્કૃતિએ આપણને અમૂલ્ય જ્ઞાન વારસો આપ્યો તો પછી ક્યાં ગયો એ અમૂલ્ય વારસો? ક્યાં વેડફાયો?

આપણી પ્રાચીન પરંપરામાં 'સુપાત્રે જ્ઞાન'નો મહિમા હતો, એટલે શુદ્ધ જ્ઞાનનો પ્રસાર સીમિત રહ્યો. સતત બદલાતાં પ્રવાહોમાં પાખંડીઓ, દંભીઓ, કાયરો અને અમીચંદોનો એક ફાલ આવ્યો, જેમણે અધ્યાત્મને ધર્મ અને સમાજના સંકુચિત વાડામાં કેદ કર્યો અને જ્ઞાન-કલાને ભૌતિકતાના ત્રાજવે તોલવાના શરૂ કર્યા. પરિણામે આપણે ગુલામીમાં જકડાયા. ત્યાર પછી આઝાદી સાથે લોકશાહી આપણને મફતમાં મળી એમ કહી શકાય. લોકશાહી માટે જે જવાબદાર પ્રજા અને નેતાગીરી હોવી જોઈએ તેનો આપણી પાસે સદંતર અભાવ હતો. વિકાસનાં નામે અવિચારીપણે ઉપભોક્તાવાદ તરફ ધસતાં રહીને આપણે આપણા પરંપરાગત મૂલ્યોની જાળવણી કરવાનું ચૂકી ગયા. આપણી પોતાની કાશી-વારાણસી-નાલંદા-તક્ષશિલા વિદ્યાપીઠોની જીવનમૂલ્યલક્ષી શિક્ષણ પદ્ધતિને કોરાણે મૂકી મેકોલેની કારકુનો પેદા કરતી શિક્ષણ પદ્ધતિ ચાલુ રાખી.

આજે વેપાર તો જાણે કે આપણી પ્રજાની રગ રગમાં લોહી સાથે વહેતો થઈ ગયો છે. ધર્મ-અધ્યાત્મ અને યોગની રોકડી કરતાં આજના કહેવાતાં પપૂધધુઓને જો આપણા પ્રાચીન ઋષિઓ જુએ તો કદાચ વસ્તુપાળ-તેજપાળની જેમ 'નખ્ખોદ' માંગે!

અને મૂળ વાત આપણા અભિગમ-નજરિયાની પણ ખરી. આપણા ઉત્તમ વારસાને નજરઅંદાજ કરીને એના સમુચિત ઉપયોગને બદલે આપણે અહીં-ત્યાં ડાફોળિયાં મારતાં રહ્યા! હજી પણ સમય છે, આપણી શાસ્ત્રાર્થ પદ્ધતિએ વારસામાં આપેલ તર્કની કસોટીએ ચડાવીને દરેકે દરેક સ્થિતિ-બાબતોનું મૂલ્યાંકન કરતાં રહીએ. પાયામાંથી બદલાવ અપેક્ષિત હોય તો શિક્ષણ પદ્ધતિમાં બદલાવ સત્વરે લાવવો જરૂરી. માહિતીઓનાં પોપટિયા રટણના સ્થાને જ્ઞાન અને મૂલ્યોનું શિક્ષણ જરૂરી. વિદ્યાર્થીઓને એક નિજી વિચારશક્તિ માટે અવકાશ રચી આપીએ.

(એન-૪૫, ગાંધીધામ)

## ૩. 'સંસ્કૃતિ'ની આસપાસ

**ડંકેશ ઓઝા**

સંસ્કૃતિ વિશેની ચર્ચા અવારનવાર થતી રહેવી જોઈએ. તેની આસપાસ માનવસમાજનું વિચારવલોણું ચાલતું રહેવું જોઈએ. એ સંસ્કૃતિ અને સમાજ બંનેની 'વાયબ્રન્ટ સમિટ' યોજતા થયા છીએ પણ આપણી સોસાયટી વાયબ્રન્ટ હોય એ એવા લાંબા ગાળાના પ્રશ્નો બાબતે સજાગ હોય તો જ કહી શકાય.

ઘણી વખત કલ્ચર અને સંસ્કૃતિ વચ્ચે આપણે ગૂંચવાડો અનુભવીએ છીએ. એટલે જરૂરી છે કે તે બાબતે આપણે સ્પષ્ટતા કેળવીએ. વર્ક કલ્ચર જેવો શબ્દપ્રયોગ આપણે કરીએ છીએ અને સોસાયટી કલ્ચર એવું પણ આપણે કહીએ છીએ એટલે સમજાઈ જવું જોઈએ કે કલ્ચર સંસ્કૃતિની ભીતર છે બહાર નહિ. ક્યારેક બંને શબ્દોનો ઉપયોગ એકબીજાના પૂરક તરીકે પણ થાય છે. પરંતુ સંસ્કૃતિ એ વધુ મોટી, વધુ વિશાળ અને વધુ બૃહદ પટ ધરાવતી બાબત છે, જે ભૂલવા જેવું નથી.

સંસ્કૃતિનો વિકાસ એ બધા લોકોનો, બધી બાબતોનો કુલ વિકાસ છે, જે થતો જ રહે છે. એને અટકાવી શકાતો નથી. એ કઈ દિશામાં થયો અને કેટલો થયો તેના લેખાંજોખાં માંડીએ ત્યારે ખબર પડે છે. આપણે જે ચિંતા કરીએ છીએ તે શેમાંથી ઊભી થાય છે? મને લાગે છે કે આપણી અંદર બે ખ્યાલો પડેલા છે : ભૌતિકતાનો ખ્યાલ અને નૈતિકતાનો ખ્યાલ. ભૌતિક વિકાસ દેખાય છે. નૈતિક વિકાસ નીચો જાય છે ત્યારે કટોકટી ઊભી થયાનું કહી શકાય! સંસ્કૃતિઓ પ્રાચીનકાળથી વ્યાપક અર્થમાં ધર્મની આસપાસ ઊભી થઈ છે. તેથી કોઈક ચિંતકે સંસ્કૃતિઓના સંઘર્ષની ચિંતા કરવી પડી. તેથી તે અંગેનું પુસ્તક લાંબો સમય ચર્ચામાં

રહ્યું. તે પૂર્વે આર્નોલ્ડ ટોએન્બીએ એવું નિરીક્ષણ કરેલું કે ઔદ્યોગિક ક્રાંતિ પછી નૈતિકતાની ખાઈ ઊભી થઈ રહી છે. એ જ દર્શન મુજબ વિચારીએ તો ઉદ્યોગ પછી જે ટેકનોલોજી આવી છે અને જેનો અદ્‌ભુત વિકાસ થયો છે, જેનો ધર્મ સહિત બધા જ વ્યાપક ઉપયોગ કરે છે. તેણે પેલી નૈતિકતાની ખાઈને સૂક્ષ્મ રીતે પહોળી કરવામાં પણ ભાગ ભજવ્યો છે.

ટેકનોલોજીનો ઉદ્દેશ ખાઈને વિસ્તારવાનો ન હતો, પરંતુ તે બની રહ્યું છે.વિજ્ઞાનીઓએ જે કંઈ શોધખોળો કરી તેનો મૂળ ઉદ્દેશ વિનાશનો ન હતો પરંતુ મનુષ્ય તેની બુદ્ધિશક્તિથી વિનાશ માટે જ તેને પ્રયોજી રહ્યો છે. આ વિનાશ માત્ર ભૌતિક નથી, અંદરનો પણ છે. એટલે કહીએ તો આધ્યાત્મિક વિનાશ પણ છે.

ભારતીય સંસ્કૃતિ અત્યારે ત્રિભેટે છે એમ કહીએ તો ખોટું નથી. ઉપરઉપરથી એવું લાગે છે કે આપણો જોરદાર વિકાસ થઈ રહ્યો છે. પરંતુ સહેજ નિરાંતે વિચાર કરનાર સામાન્યજનને પણ વરતાઈ રહે છે કે આપણે એ વિકાસની એવી મોટી કિંમત ચૂકવી રહ્યા છીએ કે જેને ભરપાઈ કરવી શક્ય નથી.

વૃદ્ધિ અને વિકાસમાં આભ-જમીનનો ફેર છે. દેખાતી વૃદ્ધિ એ વિકાસ ન હોઈ શકે. વૃદ્ધિ દૃશ્યમાન છે. વિકાસ તેની પાછળ ક્યાંક છુપાયેલો છે તેને શોધી કાઢવાનો છે. એ માટેનાં સાધનો, એ માટેનાં ધારાધોરણો આપણી પાસે મોજુદ છે. પરંતુ આપણે તેવી તપાસ ક્યાં તો આદરતા નથી ક્યાં તો શરૂઆતથી જ થથરી જઈએ છીએ અને કામને છોડી મૂકીએ છીએ.

'મેરા ભારત મહાન' અને 'ભારતીય સંસ્કૃતિ મહાન' એવું માનવું કોને ન ગમે? પરંતુ આપણે શિખરોથી જોજનદૂર પહોંચી ગયા છીએ. કેટલોક વર્ગ હજુ ભારત શિખર પર હોવાની ભ્રમણામાં છે. વાસ્તવિકતા તેથી વિપરીત છે. વાસ્તવ આપણી આંખ સામે છે. આદર્શો આપણી નજર સામે છે. આપણી ગતિ વાસ્તવ તરફની છે, આદર્શો તરફની નથી. ગમે તેટલું દોડીએ તો પણ એ ગતિ આપણને આદર્શો સુધી પહોંચાડવાની નથી. કારણ એટલું જ છે આપણો માર્ગ આદર્શો તરફનો છે જ નહિ.

માણસ વિચારશીલ પ્રાણી છે. એ વિચારે છે તેથી જ અસ્તિત્વ ધરાવે છે. એ હિંસક છે અને ક્રૂર છે. પરંતુ તેની ક્ષમતા પ્રેમ અને કરુણાની પણ જબરદસ્ત છે. આપણા સાંપ્રતકાળના વિચારકને ભૂલીને વેદવાક્ય પ્રમાણમ્‌ની આપણે ઉપાસના કરીએ છીએ. સામાજિક ન્યાયના પુરસ્કર્તા ડૉ. ભીમરાવ આંબેડકરે સ્પષ્ટ કહ્યું હતું કે ભાઈચારો કેળવ્યા વિના સ્વતંત્રતા અને સમાનતાનો આદર્શ સિદ્ધ કરવો લગભગ અશક્યવત છે. આપણી ગતિ ચીંધેલી દિશાની નથી તેની આપણને ખબર છે. આજની સમાજની માનસિકતા મહાભારતના દુર્યોધન જેવી છે. એને શું કરવાનું છે, ક્યાં જવાનું છે તેની ખબર હોવા છતાં એ કંઈક ઊંધી દિશામાં તેજગતિ કરી રહ્યો છે. ભગવાન બચાવે એમ તો નહિ કહીએ પણ માણસ જાગ્રત બને તો અવશ્ય પોતાને બચાવી શકશે.

(૯, સ્વાગત સીટી, મુ.પો. અડાલજ. મો. ૯૭૨૫૦૨૮૨૭૪)

# કવિતા



જાણીતા ગઝલકાર અને મુશાયરાઓનો હુકમનો એક્કો ગણાતા શાયર શ્રી**'જલન' માતરી સાહેબ** ને 'વિચારવલોણું પરિવાર'ની હાર્દિક શ્રદ્ધાંજલિ.

હશે સત્ય પણ, કલ્પના પણ હશે,
ખુદા શબ્દ છે તો, ખુદા પણ હશે.

નરક-સ્વર્ગ જેવી જગા પણ હશે,
સજા પણ હશે ને મજા પણ હશે.

અગર મોક્ષ મળશે જો ત્યાં તો પછી,
સુરા પણ હશે, અપ્સરા પણ હશે.

કયામતમાં ઈન્સાફ થાશે પછી,
હશે ક્રૂરતા પણ, દયા પણ હશે.

મટે કેમ ના રોગ, શોધો ભલા,
જો પીડા હશે તો દવા પણ હશે.

કયામતની રાહ એટલે જોઉં છું,
કે ત્યાં તો 'જલન' મારી મા પણ હશે.

**- જલન માતરી**

## મૃત્યુને

મૃત્યુ, મારા જન્મ સાથે તારો જન્મ.
પણ ત્યારે તો તું દૂર, દૂર.
દૂરથી તારો ચહેરો જોયો હતો, ઝાંખો ઝાંખો.
ક્યારેક કઠોર, ક્યારેક કોમળ.
જેમ જેમ હું જીવતો ગયો,
તેમ તેમ હું તારી નિકટ થતો ગયો.
તો યે હજીયે તું દૂર.

હવે આજે તું નિકટ.
નિકટથી તારો ચહેરો જોઉં છું, સ્વચ્છ સ્વચ્છ,
સદા શાન્ત, સદા સૌમ્ય.
હવે આજે તું અતિ નિકટ.
ગમે ત્યારે આપણે એકમેકમાં ભળી જશું,
ગમે ત્યારે આપણે એકસાથે જ બળી જશું.
ત્યારે મારા મૃત્યુ સાથે તારું મૃત્યુ.

**- નિરંજન ભગત (૧૮ મે ૨૦૧૭)**

## શ્રદ્ધાંજલિ

ગુજરાતી ભાષાને પોતાનાં અનેકવિધ સાહિત્યિક પ્રદાનોથી જેમણે સમૃદ્ધ બનાવી અને લગભગ સાત દાયકા સુધી જેઓ ગુજરાતના સાહિત્યાકાશમાં દેદીપ્યાન રહીને વિચરતા રહ્યા, છવાયેલા રહ્યા તેવા મૂર્ધન્ય કવિ, વિવેચક, સંપાદર શ્રી નિરંજન ભગત સાહેબનું ૧લી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ અવસાન થયું.

'વિચારવલોણું પરિવાર' સ્વ. શ્રી ભગત સાહેબને પોતાની હાર્દિક શ્રધ્ધાંજલિ આપે છે.



## વૈવિધ્ય

### ૧. ચીલો ચાતરનારા ...

**શીતલ દેસાઈ**

બચપણથી જ શું કરવું અને શું ન કરવું જોઈએ એની કેળવણી માનવને મળતી રહે છે. બચપણમાં ઘરના નિયમ પાળવાનાં, તેમાંથી બહાર નીકળે ત્યાં શાળાની શિસ્ત-સંહિતા ઊભી જ હોય! કોલેજમાં એ હળવી થાય પણ સમાજે નક્કી કરેલ પ્રથા અને પ્રણાલીને તો સાચવવી જ પડે. યુવાનોએ તો ખાસ, નહીં તો સ્વચ્છંદીનું બિરૂદ મળતાં વાર નથી લાગતી. ક્યાંક કોઈ કિશોર કે યુવાન રીત-રિવાજ કે રૂઢિની વાડને ઓળંગવા પ્રયત્ન કરે તો એને ખેંચીને પાછો લાવનારની સંખ્યા નાની નથી. પરંપરા અને પરિવર્તન વચ્ચે માણસ આજીવન ફંગોળતો રહે છે પરંતુ મહદ્ અંશે લોકો ચીલાને પકડીને જ ચાલે છે. કારણ કદાચ એમાં સલામતી છે, સરળતા છે અને સૌથી વિશેષ, વિરોધનો સામનો નથી કરવો પડતો.

અને એટલે જ બોર્ડમાં રેન્ક લાવીને આર્ટ્સમાં સાહિત્યનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીની મૂર્ખમાં ખપે છે. ઉચ્ચ ડિગ્રીધારી બબૂચકના બદલે સ્માર્ટ ગ્રેજ્યુએટ મૂરતિયાને પસંદ કરનાર છોકરીમાં અક્કલ જ નથી. ડૉક્ટર બન્યા પછી લાખો રૂપિયા રળવાના બદલે અંતરિયાળ ગામમાં સેવા આપનાર ડૉક્ટરે તેનાં પિતાએ મેડિકલ અભ્યાસમાં ખર્ચેલ પૈસા વેડફ્યા ગણાય. ગમે તેટલા મતભેદ હોવા છતાં જીવનસાથી સાથે પડ્યુંપાનું નિભાવી લેનાર પત્ની કે પતિ એ સંસાર 'બચાવી લીધો' (પછી ભલે ખુદને તારાજ કરી મૂકે) ગણાય છે!

ખરેખર આ અને આવા બધા પ્રસંગોમાં એમ લાગે છે કે માણસ માત્ર માણસજાતને જ મળેલી અણમોલ ભેટ-બુદ્ધિને કોરાણે મૂકીને ચાલે છે. આપણે શું ઈચ્છીએ છીએ? સંતાનો પોતાનાં અભ્યાસ, કારકિર્દી કે જીવનના મહત્ત્વના નિર્ણય સ્વતંત્ર રીતે લઈ શકે એટલાં સક્ષમ બને તે? કુટુંબ અને સમાજનો આદર કરવાની સાથે સ્વયંનું પણ સન્માન સાચવતાં શીખે તે? જો હા, તો નાનપણથી જ તેને નિર્ણય લેવાની છૂટ આપવી પડશે અને હા, સાથે સાથે તે માટે મહેનત કરતાં પણ શીખવવું પડશે.

મારી એક પતિ ગુમાવી ચૂકેલ મિત્રએ દીકરાની મા જ નહીં પિતા બનીને તેનો ઉછેર કર્યો. યુવાન દીકરો કમાવાને બદલે જ્યારે મોજમજામાં પડી ગયો ત્યારે માતા એ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે હવેથી તારે ઘરમાં ઉપરના માળે એકલા રહીને તારું ગુજરાન જાતે જ ચલાવવાનું છે. અમારા તરફથી તને એક પેસૌ પણ નહીં મળે. માએ દીકરાને આશરો આપ્યો, પણ ખુદને માટે કમાવવા મજબૂર કર્યો. સમાજમાં 'આવી તે મા હોય?' એમ કહેનાર લોકો તેમણે વર્ષો સુધી કુટુંબ માટે કરેલ સંઘર્ષને પળભરમાં ભૂલી ગયા. પરંતુ તેમના આ પગલાં એ જ પુત્રનું ખરાબે ચડી ગયેલું ડૂબતું વહાણ બચાવ્યું.

મોટા ભાગે સમાજની ટીકાના ડરથી કે દેખાદેખીના કારણે રિવાજોનાં ચોકઠામાંથી માનવ મુક્ત થવાનું પસંદ કરતો નથી. ક્યાંક તેને પરંપરા તરફ એટલો અહોભાવ હોય છે કે તેનાથી અલગ ચીલો ચાતરવાની વાત જ વાહિયાત લાગે છે. તો ક્યાંક રિવાજોની અપ્રસ્તુતતા કે જડતા જાણવા છતાં પોતાની આસપાસના વાતાવરણ-જ્ઞાતિ કે સામાજિક વર્તુળથી અથરા થવાની હિંમત નથી. કેટલાક લોકોને સમાજમાં 'નીચાજોણું' થવાનો ભય યોગ્ય પણ જુદા આચાર-વિચાર અપનાવતા રોકે છે. અને પરિણામે માણસ બીબાંઢાળ ઢાંચામાં બંધિયાર બની પોતાનામાં રહેલ અસીમ ગર્ભિત શક્તિઓનો નાશ કરે છે.

નવીનતાનો વાયરો તો જ પ્રવેશી શકે જો રૂઢિનાં ભોગળ ખોલવામાં આવે. વર્ગખંડમાંથી એક રવિન્દ્ર વૃક્ષની છાયામાં દોડી આવે, ત્યાર પછી જ શિક્ષણને શાંતિનિકેતનનું સરનામું મળે. એક મલાલા દહલીજ ઓળંગે તો જ અનેક ઘરમાં બંધાયેલ તરુણીઓને અનંત અવકાશનાં દર્શનનો અવસર સાંપડે.

અલબત્ત ક્યારેક નવી કેડી કંડારવા જતાં માર્ગના અવરોધો હિમાલય સમાન પુરવાર થાય કે કસોટીમાંથી પાર ઉતરવા માટે ક્યાંક આત્મબળ ડગમગી પણ જાય. અંતે કદાચ નિષ્ફળતા મળે, તેમ પણ બને. પરંતુ મંઝિલને મેળવવા જવાના પ્રયાસોમાંથી ઘણું બધું શીખવા મળે છે, બુદ્ધિ તેજ થાય છે. તાલીમ મળે છે. માન્ય માપદંડ પ્રમાણે એ ભલે સફળતા ના હોય,પણ જ્યાં સુધી માણસની માણસ તરીકેની શક્તિના વિકાસને સંબંધ છે, તેની વિચાર અને સર્જનાત્મક શક્તિને સંબંધ છે, ત્યાં સુધી આ આખીયે પ્રક્રિયા સ-ફળ રહે છે જ.

પરંતુ એ બાબત સ્વીકારવા માટે પણ આપણે ચીલો ચાતરીને અલગ રીતે વિચારવું પડશે ને?

(૫૨, શ્રીજી દર્શન બંગ્લોઝ, સન ફાર્મા રોડ, વડોદરા)

## ૨. ચીલો પકડીને ચાલનારા

**શરદભાઈ નાનુભાઈ પટેલ**

આપણે ગમે તેટલું ભણીએ, વિદેશ પ્રવાસો કરીએ, પરદેશની કંપનીઓમાં નોકરી કરીએ, તો પણ ઘણી બાબતોમાં આપણે જૂનવાણી રૂઢિઓ, આચારવિચારોમાં બંધાયેલા રહીએ છીએ.

નાનપણથી બાળક માતાપિતાને મંદિરે જતાં, બાધા રાખતાં, કર્મકાંડ કરતાં જુએ છે. નાનપણથી એ સંસ્કારો દૃઢ થતા જાય છે. મોટા થયે, ભણેલ ગણેલ હોવા છતાં એ જ રૂઢીગત પ્રણાલી પ્રમાણે વર્તતા હોઈએ છીએ.

લગ્નવિધિ પણ પ્રણાલીગત ચાલુ રહે છે. ગોર મહારાજ શું બોલે છે તેની જાણકારી વિના કૃત્રિમ રીતે ક્રિયા સંપન્ન થાય છે.

શું ભણવું એનો નિર્ણય પણ દેખાદેખી, મોભો, મિત્રો જે માર્ગ પસંદ કરે તેના ઉપર થાય છે. નવો ચીલો ચાતરવામાં હિંમત જોઈએ. સાદાઈ, કરકસર, મૂલ્યનિષ્ઠ જીવન જીવીએ તો સમાજની ચિંતા કરવાની જરૂર નથી. સમાજ આપણા કામને જુએ છે. આપણે આપણા વિચારમાં દૃઢ રહીએ, કરની અને કથનીમાં અંતર ન હોય તો આપણે જે ચીલે ચાલવા માંગીએ તે ચીલે ચાલી શકાય છે. આપણા વડવાઓ જે કહી ગયા તે સાચું પણ હોય અને ખોટું પણ હોય. આપણે વિવેકબુદ્ધિથી ચકાસવું પડે. જે સાંપ્રત સમયમાં પણ સાચુ હોય તે સ્વીકારવું અને જે આજના સમય/સંજોગ પ્રમાણે ટકી શકે એમ ન હોય તે સ્વીકારવું નહીં. જટાયુએ રાવણ દ્વારા થતું સીતાહરણ જોયું. રાવણની શક્તિ અપાર છતાં પોતાનું કર્તવ્ય સમજી રાવણ સાથે યુદ્ધ કર્યું અને શહીદ થઈ ગયા. જટાયુએ જો વિચાર્યું હોત કે હું એકલો કઈ રીતે રાવણ સાથે યુદ્ધ કરી શકું? તો જટાયુએ પોતાના કર્તવ્યનું પાલન ન કર્યું ગણાત. આપણને સાચુ લાગે તે કરીએ, લોકોની ચિંતા ન કરીએ.

(૫-એ, સૌરભ સોસાયટી, રામબાગ, શાસ્ત્રી રોડ, બારડોલી-૩૯૫૬૦૨)

## ૩. સમાજસેવાના ઊભરા

**રણછોડ શાહ**

સમગ્ર વિશ્વમાં સૌ માનવો સમાજ માટે કંઈક સારું કરીને જવાની તમન્ના રાખે છે. સંજોગવશાત્ તે ક્યારેક અયોગ્ય પ્રવૃત્તિઓમાં જોડાઈ જાય તેવું બને. કોઈકનું ભલું કરવાની ભાવના તેના દિલના કોઈક ખૂણામાં તો રહેલી હોય જ છે. આ સ્વભાવને કારણે તો દિવસે દિવસે સેવાભાવી સંસ્થાઓ અને તેની પ્રવૃત્તિઓની સંખ્યા વધી રહી છે. સામાજિક કાર્યો કરતી બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ વર્તમાન સમયમાં તો બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળી છે અને દરરોજ વધુ સંસ્થાઓના ઉદયના સમાચાર જાણવા મળે છે.

સામાજિક કાર્ય કરવાની લાગણી સમાજને માટે આશીર્વાદરૂપ છે. આર્થિક રીતે નબળા અથવા અન્ય કારણે વંચિતોને ઉપયોગી થવાની ભાવના સારાપણામાં ચોક્કસ જ વધારો કરે છે. પરંતુ હાલમાં અસ્તિત્વમાં આવી રહેલી આવી સ્વૈચ્છિક સંસ્થાઓ બાબતે ત્રણ-ચાર મુદ્દાની ચર્ચા કરીએ તે આવશ્યક છે. ખાસ કરીને તેના આયોજકો કે સ્થાપકો ઉદ્દેશ વિના સંસ્થાઓ શરૂ કરે તો તેમણે કરેલા શ્રમ અને આર્થિક રોકાણનો વ્યય થાય છે.

(૧) આજકાલ મોટા ભાગની સંસ્થાઓ કોઈ પણ પ્રકારના નક્કર આયોજન વિના માત્ર પ્રવચનોના સહારે આગળ વધવાનું વિચારે છે. સંસ્થા શરૂ થાય ત્યારે કે

અવારનવાર મળતી સભાઓમાં કોઈ ખ્યાતનામ વક્તાને બોલાવી તેમના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. વક્તાઓ જાણીતા અને માનીતા હોવાથી શ્રોતાઓ શોધવા પડતા નથી. આયોજક સભામાં ઉપસ્થિત રહી સાંભળનારી વ્યક્તિઓની સંખ્યાને આધારે કાર્યક્રમની સફળતાનો યશ લઈ પોતાના કોલર ઊંચા કરે છે. દૈનિકપત્રો સાથે સારો સંપર્ક હોય તો કાર્યક્રમનું 'ભવ્ય રીપોર્ટીંગ' પણ થાય છે. ક્યારેક ફોટા પણ છપાય છે. વર્ષ દરમિયાન આવા પાંચ કે છ કાર્યક્રમો કરી સમાજ સુધારણાનો ડંકો વગાડી દેવામાં આવે છે. સવાલ એ છે કે આ પ્રવચનો સાંભળ્યા બાદનું અનુકાર્ય (follow up) શું? માત્ર પ્રવચનોથી જ સારા વિચારોનો ફેલાવો થઈ શકશે ખરો?

(૨) અગાઉની સરખામણીએ આજકાલ આવક અને દાનમાં વધારો થયો છે. ક્યારેક તો જમીનનો એકાદ ટુકડો લાખો રૂપિયા રળી આપે છે. મલ્ટીનેશનલ કંપનીમાંથી ઉચ્ચ હોદ્દા ઉપરથી નિવૃત્ત થયેલ વ્યક્તિને નિવૃત્તિ સમયે ખૂબ મોટી રકમ હાથમાં આવે છે. તો ક્યારેક વડીલોપાર્જીત મિલ્કતમાંથી ખૂબ મોટી રકમ પ્રાપ્ત થાય છે. કેટલીકવાર અત્યંત નજીકની યુવાનવયની વ્યક્તિનું અકાળે અવસાન થાય છે અને તેની યાદમાં એક મોટું ભંડોળ ફાળવી કાર્યક્રમો યોજવામાં આવે છે. વિદાય થનાર વ્યક્તિની યાદમાં પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવે છે. પ્રવૃત્તિ જરૂરથી ધન્યવાદને પાત્ર છે. કેટલીકવાર હિન્દુ અવિભક્ત કુટુંબના (Hindu Undivided Family) સગાઓ ભેગા થઈ એક ટ્રસ્ટ દ્વારા પ્રવૃત્તિઓ શરૂ કરે છે. પોતાના વ્યવસાયના નફાને કહેવાતી સેવાકીય પ્રવૃત્તિઓ તરફ વાળી 80G ના પ્રમાણપત્રનો લાભ (ગેરલાભ!) લઈ ટેક્ષ બચાવવા સામાજિક પ્રવૃત્તિઓ થતી હોય તેવું પણ ક્યારેક જોવા મળે છે. અહીંયા પ્રવૃત્તિને બદલે તેનો દેખાડો અને કર બચાવવાનો ઉદ્દેશ્ય હોવાથી પ્રવૃત્તિઓ ટૂંક સમય માટે ચાલે છે. ધીમે ધીમે ટ્રસ્ટીઓમાં મનભેદ અને વિખવાદ ઊભો થતાં ચર્ચાની એરણે ચડી સૌ સર્વનાશ તરફ જાય છે. અહીંયાં પણ પ્રવૃત્તિ કર્યા બાદ શું કરવાનું તેનું સહેજ પણ આયોજન નહીં હોવાથી 'ખાધું, પીધું અને રાજ કીધું' જેવી વૃત્તિથી કાર્ય થાય છે.

(૩) ત્રીજા પ્રકારના લોકો વિવિધ સંસ્થાઓ રચી શાળા-કોલેજમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. ક્યારેક તો વિદ્યાર્થીઓ પાસેથી નાની મોટી રકમની પ્રવેશ ફી લઈ પ્રતિભા શોધ સ્પર્ધાઓનું આયોજન કરી મોટા મોટા ઈનામો આપવાની જાહેરાત કરી વિદ્યાર્થીઓને આકર્ષે છે. આવકની દૃષ્ટિએ જાવક નહિવત હોય છે. ક્યારેક શાળા કે પ્રવૃત્તિ સંચાલકને નાની મોટી રકમનો ભાગ (લાલચ!) આપી પ્રવૃત્તિ માટે પ્રોત્સાહિત કરે છે. કેટલીક સામાજિક સંસ્થાઓ નાટક કે સિનેમાના શો રાખી બહુ મોટું ભંડોળ ઊભું કરી સમાજ માટે પ્રવૃત્તિ કરતા હોવાના બેનરોથી સમગ્ર

શહેરમાં છવાઈ જવાનો પ્રયત્ન કરે છે. અહીંયા પણ અનુકાર્ય **(Follow up)**નું કોઈ આયોજન હોતું નથી. પ્રવૃત્તિ કરતાં તેનો દેખાડો અને ભભકો ખૂબ મોટો હોય છે.

(૪) કેટલીક વ્યક્તિઓ નિવૃત્તિ બાદ નાના મોટા ભંડોળના સહારે સામયિક પ્રકાશિત કરે છે. સારા સારા લેખોનો તેમના સામયિકમાં સમાવેશ કરે છે. સામયિકના પ્રકાશન સમયે મેળાવડાઓ રાખી મોટી સંખ્યામાં લોકોને આમંત્રિત કરી પોતાની અને સામયિકની વાહવાહ થાય તેવું કરવા ઘનિષ્ઠ પ્રયત્ન કરે છે. આ સામયિકો નજીવી કિંમતે અથવા ભેટરૂપે મોકલવામાં આવે છે. આ એક સામાજિક પ્રવૃત્તિ ગણી શકાય. પરંતુ તેનું આયુષ્ય કેટલું? એક જમાનામાં ગુજરાતી ભાષાના ખ્યાતનામ સામયિકોનું જે તે સમયના યુગપુરૂષો જેવી મહાન વ્યક્તિઓ દ્વારા પ્રકાશન થતું હતું. પરંતુ સમયાંતરે બંધ થઈ ગયા. પ્રેરણાદાયી લેખ વાંચ્યા પછી શું કરવાનું? કાંઈ નહીં? માત્ર વાંચ્યાનો સંતોષ! અહીંયા પણ પાછળથી કાંઈ કરવાનું હોતું નથી તેથી આ પ્રવૃત્તિ પણ અર્થહીન બની જાય છે.

ઉપરની તમામ પ્રવૃત્તિઓ પૂર્ણ થાય ત્યારબાદ શું કરવાનું તેનું કોઈ આયોજન હોતું નથી. વર્ષમાં બે-ત્રણવાર મળવાથી કે નાના-મોટા સમારંભો કરવાથી સમાજસેવા થતી નથી. પ્રવૃત્તિને સ્થાયી કરવી હોય તો તેની શરૂઆત કરતાં પહેલાં જ તેના અનુકાર્ય અંગે વિચારવું જોઈએ. તેનું વ્યવસ્થિત અને લાંબા સમયનું આયોજન **(Planning)** કરવું જોઈએ. સંસ્થાનો વિકાસ થશે તો સંસ્થા કઈ નવી પ્રવૃત્તિઓ કરશે તેના ઉપર મનન અને ચિંતન થવું જોઈએ. પ્રવૃત્તિનો વિકાસ થશે તો અવેતન કે સવેતન કાર્યકરો ક્યાંથી અને કેવી રીતે મળશે? જો કર્મચારીઓને વેતન આપવાનું થાય તો આવકના સ્રોત કયા-કયા હશે? પ્રવૃત્તિ કાયમી થાય તે માટે કેવા-કેવા પગલાં ભરવા પડશે?

આ તમામ બાબતોની પૂર્ણપણે વિચારણા થાય ત્યારબાદ જ સંસ્થાની અને પ્રવૃત્તિની શરૂઆત કરવી જોઈએ. આજે તો મોટા ભાગે સામાજિક સંસ્થાઓ ક્ષણભંગુર હોય તેવું નજરે પડે છે. કોઈ એક વ્યક્તિને કેન્દ્રમાં રાખીને શરૂ કરેલ પ્રવૃત્તિ વ્યક્તિની વિદાય બાદ બંધ પડી જાય છે. કાળક્રમે સંસ્થા નાશ પામે છે. એક સમયની ઉત્તમ સંસ્થાઓનું આજે ક્યાંયે અસ્તિત્વ નજરે પડતું નથી. તેની સામે ઓક્સફર્ડ, કેમ્બ્રિજ જેવી સંસ્થાઓ છે કે જે વર્ષોથી અડીખમ સેવારત છે અને સમાજને ઉત્તમ નાગરિકો પૂરા પાડે છે.

ટૂંકમાં જે પ્રવૃત્તિનું અનુકાર્ય નથી તે પ્રવૃત્તિઓ ક્ષણજીવી બને છે. તેની પાછળ આપવામાં આવેલ સમય અને સંપત્તિ વેડફાય છે. જે સામાજિક પ્રવૃત્તિઓ નિરૂદેશે થાય તેવી પ્રવૃત્તિઓ શા માટે કરવાની? શું આપણે સંસ્થાઓ કાયમી બને તેવું વિચારી શકીએ તેટલા સક્ષમ નથી? ના, તેવું નથી. સાચી વાત તો તેના સ્થાપકો અને

સંચાલકોમાં 'સ્વ' નહીં 'સર્વ' કેન્દ્રસ્થાને હોવું જોઈએ. સંસ્થાના સંચાલકો પલાઠીવાળીને બેસીને કાર્ય કરે તેવા હોવા જોઈએ. સપ્તાહમાં કે મહિનામાં એકવાર આવી 'વાતોના વડા' કરીને જતા રહેતા સંચાલકોને તેમના કાર્યકરો સ્વીકારતા નથી. પોતે ફર્યા કરે અને સંસ્થાનો વિકાસ થાય તે શક્ય જ નથી. વ્યક્તિ અજરાઅમર નથી, પરંતુ સંસ્થા તો છે અને તે લાંબા સમય સુધી સારી રીતે વિકસે અને ટકે તેવી ભાવના અને લાગણી રાખી વિચાર, ચિંતન અને મનન તેના સ્થાપકોએ સતત કરવાં જોઈએ. સ્થાપકો માત્ર અને માત્ર સમાજના લાભ માટે કાર્ય કરતા હોય તો સામાજિક સંસ્થાઓ લાંબા આયુષ્યવાળી બને જ. સંસ્થાને લાંબુ આયુષ્ય તેના સ્થાપકો અને તેમાં કાર્ય કરતા સક્રિય કાર્યકરોની નિઃસ્વાર્થ ભાવના વફાદારી, પ્રામાણિકતા, નિષ્ઠા અને લાગણીસભર સ્વભાવ અને આચરણ ઉપર જ આધારિત છે. સંસ્થાને ચિરંજીવ બનાવવી હોય તો તેના પાયામાં ત્યાગ હોવો જોઈએ. એક વ્યક્તિનું નહીં પણ સમાજનું ભલું થાય તેવી ભાવનાવાળી સંસ્થાઓ ચિરંજીવ બને જ.

(૬૩, ભૃગપુર સોસાયટી, કસક, ભરૂચ. મો. ૯૯૭૯૮૬૧૬૩૧)

---

## વેવલાપણાંના વાવેતર

- યુરોપે અટપટાં યંત્રો શોધી ફીટ કર્યા ફેકટરીમાં,
  આપણે સિદ્ધિયંત્રો બનાવી ફીટ કર્યા ફોટામાં.
- પશ્ચિમે ઉપગ્રહ બનાવી, ગોઠવી દીધા અંતરિક્ષમાં,
  આપણે ગ્રહોનાં નંગ બનાવી મઢી દીધા અંગુઠીમાં.
- જાપાન વિજાણુ યંત્રો થકી સમૃદ્ધ બન્યું જગમાં,
  આપણે વૈભવલક્ષ્મીનાં વ્રતો કરી, ગરીબી રાખી ઘરમાં.
- અમેરીકા વૈજ્ઞાનિક અભિગમથી બળવાન બન્યું વિશ્વમાં,
  આપણે ધાર્મિક કર્મકાંડો થકી, કંગાળ બન્યા દેશમાં.
- પશ્ચિમે પરિશ્રમ થકી, સ્વર્ગ ઉતાર્યું આ લોકમાં,
  આપણે પુજાપાઠ-ભક્તિ કરી, સ્વર્ગ રાખ્યું પરલોકમાં.
- વાસ્તુશાસ્ત્રનો દંભ ને વળગાડ, લોકોને પીડે આ દેશમાં,
  ફાલતુશાસ્ત્ર છે એ, છેતરાશો નહીં, ઠગનારા ઘણા છે આ દેશમાં.
- સાયન્ટિફિકલી બ્લડ ચેક કરી, એંગેજમેન્ટ કરે પશ્ચિમમાં,
  સંતાનોને ફસાવી જન્મકુંડળીમાં, લગ્નકુંડાળાં થાય આ દેશમાં.
- લસણ-ડુંગળી-બટાકા ખાવાથી પાપ લાગે આ દેશમાં,
  આખી ને આખી બેંક ખાવા છતાં પાપ ન લાગે આ દેશમાં.

(અજ્ઞાત)

# 'આંસુ લૂછવા જાઉં છું' : રાષ્ટ્રપિતાના ખામોશ પ્રેમની ભીનાશ

**સોનલ પરીખ**

અમુક પુસ્તકો એવાં હોય છે કે વારંવાર વાંચવા ગમે, વારંવાર તેના વિશે વાત કરવી ગમે. મહેન્દ્ર મેઘાણીનું પુસ્તક 'આંસુ લુછવા જાઉં છું' એવું જ એક પુસ્તક છે. જેટલી વાર હાથમાં આવે તેટલી વાર તેનાં પાનાં ફેરવ્યા વિના રહી ન શકાય. 'આંસુ લુછવા જાઉં છું' એ આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના હૃદયમાંથી નીકળેલા શબ્દો છે અને પુસ્તકમાં એમણે દેશને એક રાખવા માટે આપેલી પોતાના જીવનની આહુતિની વાત છે. ૧૯૪૬ના ઑક્ટોબરથી ૧૯૪૮ના જાન્યુઆરી મહિના સુધીના પોતાના જીવનના છેલ્લા પંદર મહિના દરમિયાન કોમી દાવાનળ ઠારવા વૃદ્ધ, જર્જરિત શરીર છતાં અપૂર્વ આત્મબળથી ગાંધીજીએ એકલવીરની જેમ જે સંગ્રામ ચલાવ્યો, તે એમના તપોમય જીવનનું કદાચ સૌથી ઉજ્જવળ પ્રકરણ  લેખાશે.

આઝાદી મળ્યાને સાત દાયકા થઈ ગયા છતાં હજી કોમી તાણ ખાસ ઘટી નથી. ગાંધીજી જેને માટે જીવ્યા અને જેને માટે પ્રાણ ખોયા તે કોમી એકતા હજી સુધી સિદ્ધ થઈ શકી નથી. ઊલટું, પ્રજા જુદી જુદી રીતે સમુદાયોમાં વધારે વહેંચાતી જાય છે ત્યારે ગાંધીજીએ શું કર્યું, કેવી રીતે કર્યું ને શા માટે કર્યું તેનો પ્રમાણભૂત અહેવાલ આજે અત્યંત આવશ્યક છે. તેને માટે વધુ નહીં તો તેમના જીવનના છેલ્લા-પંદર મહિના પર તો નજર નાખી જ લેવી જોઈએ.

ગીચ ઝાડીઓ, શણનાં ખેતરો, તળાવો-નદીઓ અને પ્રકૃતિના અદ્‌ભુત સૌંદર્ય વચ્ચે છૂટાંછવાયાં વેરાયેલાં ગામડાં એટલે ૧૯૪૦ના દાયકાનો બંગાળ પ્રાંતનો નોઆખલી પ્રદેશ. ૧૯૪૬માં બંગાળ પ્રાંતમાં કોમી રમખાણોના બે ભયાનક વિસ્ફોટ થયા હતા - ૧૬મી ઑગસ્ટ કલકત્તા શહેરમાં અને ત્યાર પછી બે-એક મહિને નોઆખલી જિલ્લામાં. ૧૯૪૬ની ચૌદમી ઑગસ્ટે 'તોફાની ટોળાંઓ જીવલેણ હથિયારો સાથે ગામડાં પર હુમલો કરી રહ્યાં છે. લૂંટફાટ, ખુનામરકી, આગ, બળજબરી ધર્માંતર અને સ્ત્રીઓ પર અત્યાચારનું તાંડવ ચાલી રહ્યું છે' આવો અહેવાલ બંગાળની મુસ્લિમ લીગની સરકારે કલકત્તા મોકલ્યો. જવાઆવવાના માર્ગ પર પણ જીવલેણ હથિયારો સાથે પહેરા મૂકાયા હતા. રસ્તાઓ, પુલો તોડી નખાયા હતા જેથી લશ્કર પહોંચી નહીં. મુશ્કેલીથી છટકી આવેલા નિરાશ્રિતો પાસેથી આધુનિક

ઈતિહાસમાં જેનો જોટો જડવો મુશ્કેલ તેવી મોટા પાયા પરની કમકમાટીભરી ઘટનાઓની વાત જાણી દેશ દિગ્મૂઢ બની ગયો.

આ રમખાણો ઓચિંતા ન હતાં. તેનું પગેરું બે મહિના પહેલા કલકત્તામાં ઉઠાવાયેલાં 'સીધાં પગલાં' સુધી જતું હતું. આ દાવાનળને ઠારવા માટે ઓક્ટોબરના અંતમાં ગાંધીજી કલકત્તા થઈને નોઆખલી જવા નીકળ્યા. ત્યાં બે મહિના સુધી પગપાળા ફરીને, લોકોને મળીને, રાજકીય દબાણો સામે ઝઝૂમીને, અર્ધા ભૂખ્યા રહીને ગાંધીજીએ શાંતિ સ્થાપવાનો અથાક પ્રયાસ કર્યો. પણ કલકત્તા અને નોઆખલીના પ્રત્યાઘાત રૂપે જ્યાં કોંગ્રેસની સરકાર હતી તે બિહાર પ્રાંતમાં એથીયે મોટો દાવાનળ ફાટી નીકળ્યો, એટલે નોઆખલીમાં આરંભેલો યજ્ઞ અધૂરો મૂકી ગાંધીજી બિહારને ઠારવા ગયા.

ત્રણેક મહિનાના સતત પ્રયાસો પછી મહામુશ્કેલીએ બિહાર જરા શાંત થયું ત્યાં દિલ્હી સળગ્યું. ગાંધીજી ત્યાં દોડ્યા. ભારતના સ્વાતંત્ર્યની ઘોષણા ૧૫ ઑગસ્ટે થવાની હતી તેને આગલે અઠવાડિયે ગાંધીજી કલકત્તા થઈને નોઆખલી જવા નીકળ્યા. ગાંધીજી ઉપવાસ પર ઊતર્યા ત્યારે ત્યાં શાંતિ સ્થપાઈ.

દરમિયાન પંજાબમાં આભ તૂટી પડ્યું. ભાગલા પછીના પૂર્વ અને પશ્ચિમ પંજાબમાંથી એકમાં હિંદુઓ લઘુમતીમાં હતા, બીજામાં મુસ્લિમો. બંને પ્રદેશોમાં મોટા પાયે અત્યાચારો થયા. આ દાવાનળ ઠારવા ગાંધીજીએ કલકત્તાથી નોઆખલી જવાનું મોકુફ રાખીને પંજાબની દિશામાં પ્રયાણ તો કર્યું, પણ રમખાણોને કારણે દિલ્હીની સ્થિતિ મરેલાના નગર જેવી થઈ હતી. ત્યાં લઘુમતી પરના અત્યાચારો રોકવા ગાંધીજી ચાર મહિના દિલ્હી રોકાઈ રહ્યા. તમામ પ્રયાસો છતાં પાટનગરમાં વેરની જ્વાળાઓ શમી નહીં ત્યારે ગાંધીજીએ ઉપવાસ આદર્યા. તેમને સંતોષ થાય તેવી બધી જ ખાતરી બંને કોમના આગેવાનોએ આપી ત્યારે પાંચમે દિવસે ગાંધીજીએ ઉપવાસ છોડ્યા, પણ ત્યાર પછી થોડા દિવસોમાં તેમની હત્યા થઈ.

લાંબા સમય સુધી ગાંધીજીના અંગત મંત્રી અને ગાંધીજીના સાપ્તાહિકોના તંત્રી રહેનાર પ્યારેલાલ નય્યરે ગાંધીજીના અવસાન પછી એમનું બૃહદચરિત્ર આલેખવાનું નક્કી કર્યું ત્યારે તેનો આરંભ કર્યો. તેમના જીવનના અંતિમ વર્ષો વિશેના ગ્રંથ 'મહાત્મા ગાંધી - ધ લાસ્ટ ફેઝ'થી. ગાંધીજીને અને આ ઘટનાઓને નિકટથી જોવાની તક જેમને સાંપડી હતી અને તેને સાચી રીતે આલેખવામાં જોઈતી સૂક્ષ્મ બુદ્ધિ જેમનામાં હતી એ પ્યારેલાલ નય્યરના હાથે લખાયેલા આ ગ્રંથનું દસ્તાવેજી મૂલ્ય આંકીએ તેટલું ઓછું છે. ૧૯૫૬માં પ્રગટ થયેલા આ ગ્રંથના મણિભાઈ દેસાઈએ કરેલા ગુજરાતી અનુવાદ 'પૂર્ણાહુતિ'ના ચાર ભાગ ૧૯૬૪થી ૧૯૭૧ સુધીમાં બહાર પાડ્યા. તેના ૨૧૦૦ જેટલાં પાનામાંથી ગાંધીજીવનના આખરી પંદર મહિનાના

બયાનનું સંકલન મહેન્દ્ર મેઘાણીએ 'આંસુ લૂછવા જાઉં છું' પુસ્તકમાં માત્ર ૧૩૪ પાનામાં મૂક્યું છે. ૨૦૦૨માં નવજીવન ટ્રસ્ટે 'આંસુ લૂછવા જાઉં છું'ની પહેલી આવૃત્તિ બહાર પાડી. ૨૦૧૧ સુધીમાં તેના અગિયાર પુનર્મુદ્રણ થયા અને કુલ ૩૫૦૦૦ પ્રત વેચાઈ, વહેંચાઈ.

આ શ્રદ્ધેય પુસ્તક કહે છે કે પોતાની માતૃભૂમિમાં એકતા સિદ્ધ કરવાનું સ્વપ્ન છિન્નભિન્ન થવાની તૈયારીમાં હતું એવા સમયે પણ ગાંધીજી આશા અને ઉત્સાહ, શાંત આત્મવિશ્વાસ અને સામર્થ્યનાં કિરણો ફેલાવતા સૂર્ય સમા બની રહ્યા હતા. શોકાતુર, ક્રોધાતુર, હતાશ લોકો તેમની પાસે આવતા અને ગાંધીજીની ક્ષમતા અને વેધક દલીલોથી શાંત પડી, નવા જીવનબળ સાથે પાછા ફરતા. આજે તો ભારતનાં સ્વાર્થી ચતુરો ગાંધીજીની ટીકા કરતા અને તેમનું નામ વટાવી ખાતા શીખી ગયા છે. છતાં મહત્ત્વના દરેક પ્રસંગે આજે પણ ગાંધીજીનું નામ લે છે. કટોકટીના વખતે દુનિયા વિચારે છે કે આ સંજોગોમાં ગાંધીજીએ શું કર્યું હોત અથવા શું કરવાની અપેક્ષા રાખત - પણ આપણને ખબર છે ખરી કે આજે આપણે ક્યાં ઊભા છીએ, ક્યાં જઈ રહ્યા છીએ, આપણા રાષ્ટ્રપિતાએ ભારત વિશે કલ્પેલું લક્ષ્ય એ છે કે કેમ અને ત્યાં સુધી પહોંચવા માટે આપણે શું કરવું જોઈએ?

નોઆખલીના શ્રીરામપુરમાં એક પ્રાર્થનાસભામાં ગાંધીજીએ કહ્યું હતું, 'હું ભલે ફિરસ્તાઓની વાણી બોલતો હોઉં, પણ મારામાં સમભાવ ન હોય તો, ઘંટ કે કરતાલ અને મારી વચ્ચે કશો તફાવત નથી. મારામાં ભવિષ્ય ભાખવાની શક્તિ હોય, હું સર્વજ્ઞ હોઉં, પહાડને પણ ડગાવે એવી અટલ શ્રદ્ધા મારામાં હોય, પણ મારામાં સમભાવનો, ઉદારતાનો અભાવ હોય તો હું તણખલા સમાન છું. ગરીબોને ભોજન આપવા હું મારી સઘળી સંપત્તિ ખર્ચી નાખું, ધર્મને ખાતર જીવતો બળી મરવા પણ હું તૈયાર હોઉં પણ જો મારામાં સમભાવ ન હોય તો એ બધાની કશી કિંમત નથી.'

પણ સમભાવ એટલે ચોક્કસ શું? ગાંધીજી કહે છે, 'સમભાવ એટલે ખામોશી, માયાળુપણું, સમભાવમાં ઈર્ષાને કદી અવકાશ નથી હોતો. સમભાવ કદી પણ ગર્વિષ્ઠ કે ઉદ્ધત નથી હોતો. તે પોતાના હક્કોનો દાવો કરતો નથી, તે થયેલી હાનિનું મનમાં રટણ કર્યા કરતો નથી, તે શ્રદ્ધા રાખે છે, આશા રાખે છે, સહન કરે છે. એક સમય એવો આવશે જ્યારે આપણી જીભથી ઉચ્ચારાતી વાણી અટકી જશે, જ્ઞાનનો ભંડાર લુપ્ત થઈ જશે, પણ સમભાવ કાયમ રહેશે.'

આ સમભાવ લઈને જ ગાંધીજી ભારતના જ નહીં, દુનિયાભરના દુ:ખીદરિદ્રોની આંખનાં આસું લૂછવા નીકળ્યા હતા. આ સમભાવની જ દુનિયાને હંમેશાં જરૂર હતી અને રહેશે.

('આંસુ લૂછવા જાઉં છું', સંકલન-મહેન્દ્ર મેઘાણી, નવજીવન ટ્રસ્ટ પ્રકાશિત)

## એક પ્રવચન

# બરાક ઓબામા

(બરાક ઓબામા - અમેરિકાના ૪૪મા પ્રમુખ. એમની અમેરિકાના પ્રમુખ તરીકે ઈ.સ. ૨૦૦૯માં વરણી થઈ ત્યારબાદ થોડાક જ સમયમાં એમને નોબેલ શાંતિ પુરસ્કાર અપાયો. પ્રમુખપદ સાથે જ તે અમેરિકન સૈન્યના કમાન્ડર ઈન ચીફ બન્યા હતા અને ઈરાક, લીબિયા, સીરીયા અને અફઘાનિસ્તાન જેવા ઉકળતા ચરૂ જેવા ત્રાહિત દેશોમાં અમેરિકાના અસરકારક લશ્કરી હસ્તક્ષેપ બાબતે કપરા નિર્ણયો લેવાનું એમના ભાગે આવ્યું. એક બાજુ અમેરિકાનાં કથિત હિતોની જાળવણી માટેનું ઘરેલુ દબાણ, બીજી બાજુ અમેરિકન સૈનિકોને હજારો માઈલ દૂરની પારકી લડાઈમાં હોમી દેવાનું આળ અને ત્રીજી બાજુ વિશ્વનાં રાષ્ટ્રોમાં અમેરિકાની યુદ્ધખોર રાષ્ટ્ર તરીકે ખરડાતી પ્રતિભા. આ બધાની વચ્ચે એમને શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર અપાય તે સામાન્ય લોકો માટે અચરજ અને વિશ્લેષકો માટે ભવાં ઊંચાં કરવાનો વિષય બની રહ્યો. એ ભૂતકાળ જેને યાદ છે તેવા સુજ્ઞ વાચકો માટે બરાક ઓબામાના નોબેલ સ્વીકાર પ્રવચનના કેટલાક અંશો અહીં પ્રસ્તુત છે. દુનિયાના પ્રશ્નોની જટિલતા, પરસ્પર ટકરાતાં હિતો અને આર્થિક અને રાજકીય દબાણો વચ્ચે 'યુદ્ધ નહીં' કે અહિંસાના આદર્શને એક શક્તિશાળી રાષ્ટ્રનો વડો કઈ રીતે જોતો હશે તે કદાચ એના નોબેલ ભાષણમાં મળી રહેશે એ આશાએ ગુગલનું શરણું લઈ છણાવટ આરંભી. બીજા નોબેલ શાંતિ પારિતોષિક વિજેતાઓ કરતાં ઓબામાનું સ્વીકારભાષણ કાંઈક જુદું હશે એવું તો લાગતું જ હતું. તે કેવું હશે, તેની આતુરતા સંતોષવાનો આ પ્રયાસ વાચકોને વાસ્તવિકતા અને આદર્શ વચ્ચેની ઊંડી ખાઈનો અહેસાસ કરાવશે. અને એ પુરવા માટેના પ્રયાસો ક્યાં ઊણા ઉતરે છે તેનું વિશ્લેષણ કરવા પ્રેરશે એવી આશા સાથે કેટલાક અંશો અહીં પ્રસ્તુત છે.) સંપાદક

માનવજાતના શરૂઆતના ઈતિહાસમાં કેટલાક નીતિ-નિયમોએ સમૂહો વચ્ચેની હિંસા પર કાબુ મેળવવાની આશા ઊભી કરી. એ જ રીતે તત્વજ્ઞાનીઓ, ઉપદેશકો અને રાજનીતિજ્ઞોએ પણ સમય જતાં યુદ્ધના વિનાશક બળ પર કાબૂ મેળવવાના પ્રયત્નો કર્યા છે. એમાંથી જ કદાચ, ''ન્યાયી યુદ્ધ''નો ખ્યાલ ઉદ્ભવ્યો. આ ખ્યાલમાં એવું નીહિત છે કે યુદ્ધ ત્યારે જ વાજબી ગણાય જ્યારે એ કેટલીક આગોતરી શરતોને આધીન હોય, જેવી કે એ છેલ્લા ઉપાય તરીકે છેડાતું હોય, અથવા એ કેવળ સ્વબચાવ માટે હોય, એમાં બળનો ઉપયોગ તદ્દન પ્રમાણસરનો હોય અને એમાં શક્ય હોય ત્યાં સુધી નાગરિકો હિંસાના જોખમથી મુક્ત રહે.

હું આજે મારી સાથે યુદ્ધના પ્રશ્નોનું કોઈ નિશ્ચિત નિરાકરણ લઈને આવ્યો નથી, પણ મને એટલી ચોક્કસ ખબર છે કે આ પડકારોનો સામનો કરવામાં પણ એ જ દીર્ઘદૃષ્ટિ, મહેનત અને સાતત્યની જરૂર છે, જે વર્ષો પહેલાં લીગ ઓફ નેશન્સના ઘડવૈયાઓએ દાખવ્યાં હતાં. આ માટે આપણે સૌએ ન્યાયી શાંતિની જરૂરિયાત અને ન્યાયી યુદ્ધના ખ્યાલ વિષે નવેસરથી વિચારવું પડશે.

આપણે એ કઠોર સત્યના સ્વીકાર સાથે શરૂઆત કરવી પડશે કે આપણે આપણા જીવનકાળ દરમિયાન હિંસક સંઘર્ષોને ઉખાડી દઈ શકવાના નથી. એવા સંજોગો ઊભા થશે

જ કે વ્યક્તિગત રીતે કે સમૂહમાં આવા પડકારોનો સામનો કરતાં રાષ્ટ્રો બળપ્રયોગને કેવળ જરૂરી જ નહીં પણ નૈતિક રીતે યોગ્ય પણ સમજશે.

અને હું આ વિધાન કરું છું ત્યારે માર્ટીન લ્યુથર કિંગનું આ જ પ્રસંગે વર્ષો પહેલાં કરાયેલું નિવેદન - ''હિંસા ક્યારેય કાયમી શાંતિ લાવતી નથી. એ કોઈ સામાજિક પ્રશ્ન ઉકેલી શકતી નથી, કેવળ નવા અને વધુ ગૂંચવણભર્યા પ્રશ્નો ઊભા કરે છે'' - મારા મનમાં છે જ. હું પોતે ડૉ. કિંગના જીવનકાર્યના સીધા ફળસ્વરૂપે અહીં આજે ઊભો છું અને અહિંસાના નૈતિક બળનું જીવતું જાગતું પરિણામ છું.

હું જાણું છું કે ગાંધી અને કિંગના સિદ્ધાંતો અને જીવનમાં કશું નબળું, કશું નિષ્ક્રિયતા પ્રેરક કે કશું ઢીલુંપોચું નથી. પણ, પોતાના રાષ્ટ્રનું રક્ષણ અને બચાવ કરવાના જેણે બંધારણીય શપથ લીધા છે તેવા એક રાષ્ટ્રના વડા તરીકે હું કેવળ આ મહાનુભાવોના ઉદાહરણોથી દોરાઈ ન શકું.

મારે દુનિયા જેવી છે તેવી - એનો સામનો કરવાનો છે. હું અમેરિકાના લોકો સામેની ધમકીઓને મૂંગો ઊભો રહી જોઈ ન શકું. અને એ વાતનું પણ ધ્યાન રહે કે અનિષ્ટ દુનિયામાં અસ્તિત્વ ધરાવે જ છે..

પરંતુ હું માનું છું કે બધાં રાષ્ટ્રોએ - બળવાન અને નબળાં, બંને - બળપ્રયોગને નિયંત્રિત કરતાં ધોરણોને વળગી રહેવું જોઈએ. હું દૃઢપણે માનું છું કે આવાં ધોરણોને વળગી રહેવું એ એના અમલકર્તાને મજબૂત બનાવે છે અને જે એને ઉત્તેજે છે તેને નબળું બનાવે છે. હું એમ પણ માનું છું કે બળપ્રયોગને માનવતાની ભૂમિકાએ વાજબી ઠરાવી શકાય. આવે પ્રસંગે નિષ્ક્રિયતા આપણા આત્માને પજવે છે, એટલું જ નહીં, આગળ ઉપર તે વધારે મોંઘા અને દુઃખદાયક હસ્તક્ષેપ તરફ દોરી જાય. આ જ કારણે, બધાં જવાબદાર રાષ્ટ્રોએ શાંતિની જાળવણી માટે સ્પષ્ટ આદેશ સાથેના સૈન્ય-બળપ્રયોગને સ્વીકારવા તૈયાર રહેવું જોઈએ.

આ સાથે જ અહિંસા હંમેશા અમલમાં મૂકી શકાતી નથી એવું જાણતા હોવા છતાં જો આપણા હૃદયમાં પ્રેમ હોય તો આપણાં દરેક કાર્ય બહેતર અને કલ્યાણકારી નીવડે.

પ્રેમના આ કાયદાને વળગી રહેવું એ માનવસ્વભાવનો હંમેશનો મૂળભૂત સંઘર્ષ રહ્યો છે. આપણે ભૂલને પાત્ર છીએ. આપણે ભૂલો કરીએ છીએ. અહંકાર, સત્તા કે ક્યારેક અનિષ્ટ પ્રલોભનનો ભોગ બનીએ છીએ. દુનિયાને વધુ સારી બનાવવાના આદર્શો સુધી પહોંચવા માટે પણ આપણે હંમેશા 'આદર્શ દુનિયા'ના ખ્યાલોમાં જીવી શકીએ નહીં. ગાંધી અને માર્ટિન લ્યુથર કીંગ જેવા પુરૂષો દ્વારા આચરવામાં આવેલી અહિંસા દરેક સંજોગોમાં શક્ય કે વ્યવહારૂ ન પણ નીવડે, પરંતુ તેમણે ઉપદેશેલ પ્રેમ અને તે દ્વારા માનવકલ્યાણની સિદ્ધિમાં તેમની શ્રદ્ધા આપણી યાત્રાનો ધ્રુવતારક બની રહેવાં જોઈએ.

**(અનુસંધાન માટે જુઓ પાના નં. ૩૭)**

## • ગમતાંનો ગુલાલ •

# પ્રવૃત્તિમાં ખૂટે છે રમતિયાળવૃત્તિ

**ગુરુચરણદાસ - જાણીતા કટાર લેખક**

મારા બાળપણનો એક મિત્ર ગયા મહિને શહેરમાં હતો. તે એક સફળ સ્ટાર્ટઅપ કંપની ચલાવે છે. આકરી ગરમીમાં અમે સાથે ચા પીવા બેઠા હતા. તેના રમતિયાળપણા પરથી મારું ધ્યાન ખસતું નહોતું. તે પોતાની જાતને જરાય ગંભીરતાથી લેતો નહોતો અને પોતાની ક્ષમતા વિશે તેને કોઈ પણ પ્રકારની ચિંતા નહોતી. તેને આશ્ચર્ય વ્યક્ત કરવામાં કે પોતાની મૂર્ખામી વ્યક્ત કરવામાં સહેજપણ સંકોચ નહોતો.

મારા દરેક જવાબો સામે તે વળતો સવાલ કરતો હતો. જ્યારે તે આવ્યો ત્યારે હું જરા પ્રતિકારના મૂડમાં હતો પણ જ્યારે તે ગયો ત્યારે મારા ચહેરા પર સ્મિત રમતું હતું. મેં નક્કી કર્યું કે હું ઓળખતો હતો એ લોકોમાં તે સૌથી શાણો છે.

મારા મિત્ર સાથેની મુલાકાતના બીજા દિવસે મારે યુવાન ઉદ્યોગસાહસિકોની એક કાર્યશિબિરમાં ભાગ લેવાનો હતો. તેઓ બધા જ ઉત્સાહથી ફાટફાટ થતા નવજુવાનો હતા. શહેરી વિસ્તારોમાં સ્ટાર્ટઅપનો જે પ્રકારનો જુવાળ ફેલાયો છે એ જોતાં તેમનો ઉત્સાહ તદ્દન સ્વાભાવિક અને યોગ્ય હતો. દિલ્હીમાં મારા મધ્યમવર્ગીય પડોશીઓમાંથી કોઈએ ‘મારા દીકરા કે દીકરીએ પોતાનો બિઝનેસ ચાલુ કરવા માટે સારામાં સારી નોકરી છોડી દીધી’ એવી ફરિયાદ ન કરી હોય એવો એક પણ દિવસ ગયો નથી. વર્કશોપમાં આ યુવાનોમાંથી એક જણે મારી સમક્ષ સ્વીકાર્યું કે પાંચમાંથી ચાર સ્ટાર્ટઅપ નિષ્ફળ જવાના છે. જે પાંચમો સફળ થશે એ તે પોતે હશે. હું અંદરખાને જાણતો હતો કે આ તમામ યુવાનો મધ્યયુગના પેલા રાજપુત યોદ્ધાઓ જેવા છે જેઓ જાણતા હતા કે યુદ્ધમાં ક્યાં તો તેમનો પરાજય થશે કે પછી તેમનું માથું વાઢી દેવામાં આવશે. છતાં મેં તે યુવાન અને ત્યાં ઉપસ્થિત દરેક નવજુવાનોના જુસ્સાની પ્રશંસા કરી.

કાર્યશિબિરમાં વાતવાતમાં ઈનોવેશનની વાત નીકળી. મને મારો પેલો બાળપણનો મિત્ર યાદ આવ્યો. મેં એ યુવાનોના જૂથને સૂચવ્યું કે સર્જનાત્મકતાની સૌથી મુખ્ય સામગ્રી રમતિયાળપણાનો અભિગમ છે. આજના યુવાન ભારતના પ્રાણીઓ ભારે ગંભીર હોય છે. કામને સમયસર પૂરું કરવા માટે અને પોતાને કોઈ કાચાપોચા ન ધારી લે એ માટે તેઓ સતત એકાગ્રતા રાખીને કાર્યક્ષમતાને વધારતા રહે છે. અને તેઓ આ જ બાબતની અપેક્ષા બીજા પાસે પણ રાખે છે. ભારતમાં મેં ક્યારેય લગ્નવિષયક જાહેરખબરોમાં ‘રમતિયાળ’ જીવનસાથી જોઈએ છે એવું વાંચ્યું નથી. ઈનોવેશનનો સ્રોત શોધવા માટે આપણે પાશ્ચાત્ય

મનોવિજ્ઞાનના તારણોને ફેંદવાની કોઈ જરૂર નથી. 'ઈશ્વરની લીલા'ના પ્રાચીનકાળથી ચાલ્યા આવતા વિચારમાં જ તે છુપાયેલો છે.

આપણો દેશી શબ્દ 'લીલા' અને અંગ્રેજી શબ્દ 'પ્લે' બંનેના બે સમાન અર્થ થાય છે - રમત અને ડ્રામા કે નાટક. પણ 'લીલા'નું એક ત્રીજું પરિમાણ પણ છે - દૈવી તત્ત્વની સર્જનાત્મક રમતિયાળવૃત્તિ. પ્રાચીનકાળના ભારતીયો જાણતા હતા કે ઈશ્વરની લીલા અપરંપાર છે. શિવ નૃત્ય કરે છે. કૃષ્ણ માખણ ચોરે છે, ગોપીઓને છેડે છે અને રાક્ષસોનો સંહાર કરે છે. આ બધું જ રમતાં-રમતાં કરે છે. કૃષ્ણની વાંસળીના સૂર સાંભળીને વૃંદાવનની યુવતીઓ પોતાના ઘરમાંથી બહાર નીકળીને કૃષ્ણની ફરતે રાસ રમે છે.

હું જ્યારે નાનો હતો ત્યારે મારા શિક્ષક મને ઘણી વાર્તાઓ કહેતા હતા. એક દિવસ તેમણે અમને સવાલ પૂછ્યો, 'ઈશ્વર શું કરે છે?' અમારામાંથી એક જણે જવાબ આપ્યો કે, 'વિશ્વનું અસ્તિત્વ ટકાવી રાખે છે.' બીજો જવાબ હતો કે, 'તે સારાં કામો કરે છે.' ત્રીજા જણે કહ્યું કે, 'સારા લોકોને વળતર આપે છે અને ખરાબ લોકોને સજા કરવાનું કામ કરે છે.' અમારામાંથી કોઈ સાચો જવાબ આપી શક્યું નહીં. મારા શિક્ષકે કહ્યું કે ઈશ્વર રમતિયાળ છે. માણસ ગંભીર રહીને કામ કર્યા કરે છે, કારણ કે આપણે કંઈક મેળવવા માગીએ છીએ. ઈશ્વર પાસે બધું જ છે તેથી તે બાળકની જેમ નિરુદ્દેશપણે રમ્યા કરે છે. વૈષ્ણવ સંત રામાનુજે ઈશ્વરની પવિત્ર લીલા અને માત્ર પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કરવા માટે રણમેદાનમાં ધસી જતા રાજાની સરખામણી કરી હતી. બંગાળના સંત ચૈતન્યે પોતાની સરખામણી એ તંદુરસ્ત વ્યક્તિ સાથે કરી હતી જે વહેલી સવારે ગાઢનિંદ્રામાંથી જાગીને પોતાનો વૈભવ વ્યક્ત કરવા માટે નાચી ઊઠે છે.

મારું માનવું છે કે સર્જનાત્મકતાથી છલોછલ શિશુ અને પુખ્ત વ્યક્તિઓના વર્તન વચ્ચેના તફાવતને જોઈને પ્રાચીન ભારતીયોને 'લીલા'નો વિચાર ઉદ્ભવ્યો હશે. બાળકનું વિશ્વ હંમેશા સુંદર અને નાવિન્યથી ભરપૂર હોય છે, જેમાં આશ્ચર્ય, કૂતુહલ અને ઉત્સાહની ક્યારેય ખોટ વર્તાતી નથી. બાળક ક્યારેય ભૂતકાળ કે ભવિષ્યમાં જીવતું નથી. ઈશ્વરની લીલા આપણને યાદ અપાવે છે કે આપણે રમતિયાળપણું ક્યારેય બંધ કરવું જોઈએ નહીં. આપણે વૃદ્ધ થઈએ છીએ, કારણ કે આપણા વર્તનમાં 'લીલા' ઓછી થતી જાય છે. પોતાના બાળક સાથે રમતા દાદા કે દાદી હંમેશાં જીવંત લાગે છે.

આપણે પોતાની જાતને ફૂલો અને કૂણા ઘાસની નજીક રહેવાનું અને પતંગિયાની જેમ ઉડાઉડ કર્યા કરવાનું હંમેશાં યાદ અપાવતા રહેવું જોઈએ. આપણે મોટા થઈ ગયેલા માણસો આ આનંદથી વિમુખ થઈ રહ્યા છીએ. એટલા મોટા કે આપણે જમીન પર ઉગેલા ઘાસ કે ફૂલની કુમાશને માણી શકતા નથી. જેમણે પણ બાળપણના જાદુને અનુભવવો હોય તેમણે નાના બનવાનું પણ શીખવું પડશે.

મારું માનવું છે કે માનવજાતે એટલા માટે વિકાસ કર્યો છે કે તે અપરિપકવ,

બળવાખોર અને રમતિયાળ છે, નહીં કે તે જવાબદાર, સાવચેત અને સમજદાર છે. બિઝનેસ સ્ટાર્ટઅપ આદરી રહેલા આપણા ઉત્સાહી ઉદ્યોગસાહસિકો માટે આ એક સારો બોધપાઠ હોઈ શકે છે કે પુખ્તવયની દરેક વ્યક્તિમાં એક બાળક જીવતું હોય છે અને રમતિયાળપણું ખરેખર કામને વધુ બહેતર બનાવે છે.

અને તમે મારા પ્રિય વાચકો, ચોમાસાનો વરસાદ બસ થોડા દિવસોમાં મહેમાન બનીને આવશે. વરસાદમાં બહાર નીકળો ત્યારે સાવચેતી રાખીને ખાબોચીયાની બાજુમાં પસાર થતા નહીં, બસ મન મૂકીને તેમાં કૂદી પડજો.

(દિવ્યભાસ્કર, અમદાવાદ, બુધવાર, ૮ જૂન ૨૦૧૬)

---

(પાના નં. ૩૪નું અનુસંધાન)

જો આપણે પ્રેમના માર્ગ પરની આ શ્રદ્ધા ગુમાવીશું - કે એને મૂર્ખતાપૂર્ણ કે અવ્યવહારૂ ગણીને કોરાણે મૂકીશું, અથવા યુદ્ધ કે શાંતિની બાબતે લેવાતા આપણા નિર્ણયોમાંથી આ પ્રશ્નોની બાદબાકી કરીશું તો માનવજાતનું જે શ્રેષ્ઠતમ છે તેને જ ગુમાવી બેસીશું, એની ઉજળી શક્યતાઓ સુધી પહોંચવાનું નૈતિક સાધન આપણે ખોઈ બેસીશું.

આગળની અગણિત પેઢીઓની જેમ આપણે આવા ભવિષ્યને નકારવું જ રહ્યું. માર્ટિન લ્યુથર કિંગે વર્ષો પહેલાં અહીંથી કહ્યું હતું તે પ્રમાણે ''હું ઈતિહાસના આંતરવિરોધોના જવાબમાં નિરાશાનો સ્વીકાર કરતો નથી. મનુષ્યનો હાલનો સ્વભાવ એને એની ઉત્ક્રાંતિ પ્રકૃતિ સુધી લઈ જવામાં નૈતિક રીતે અપંગ બનાવી શકે એ વાત માનવાનો હું ઈન્કાર કરું છું.

(બરાક ઓબામાના નોબેલ સ્વીકાર ભાષણના કેટલાક અંશો)

## લવાજમમાં વધારા અંગે

**છેલ્લાં ઘણા સમયથી કાગળ, પ્રિન્ટીંગ તથા અન્ય વસ્તુઓમાં સતત થઈ રહેલ ભાવવધારાને કારણે લવાજમમાં વધારો કરવાની ફરજ પડી છે. જેને કારણે ૧લી જાન્યુઆરી ૨૦૧૮થી લવાજમના દર નીચે મુજબ રહેશે, જેની સર્વે સભ્યોએ નોંધ લેવી.**

| | | |
|---|---|---|
| **વાર્ષિક** | : | **રૂ. ૩૦૦/-** |
| **ત્રિવાર્ષિક** | : | **રૂ. ૮૦૦/-** |
| **પાંચ વર્ષના** | : | **રૂ. ૧૩૫૦/-** |
| **આજીવન લવાજમ** | : | **રૂ. ૭૦૦૦/-** |

## ● હળવાશથી ●

### હસવું કે રોવું?

સંજય પાટોડિયા કલકત્તામાં રહે છે અને ABABF ના સેક્રેટરી છે. ના સમજ્યા, ABABF એટલે 'ઑલ બંગાળ અમિતાભ બચ્ચન ફેન્સ!' એમણે સોળ વર્ષ પહેલા એમના ઘરના ગેરેજને અમિતાભ બચ્ચનના મંદિરમાં ફેરવી દીધું છે, અને પોતે ગળામાં ૧૭ ગ્રામ સોનાનું થાઈલેન્ડ સ્ટોનમાંથી ખાસ બનાવેલું 'ભગવાન'નું પેન્ડન્ટ ઝુલાવતા ફરે છે!

સંજય અને એમના ભાઈ જે ABABF ના ખજાનચી છે, તે દર વર્ષે એમના ભગવાનના ઘર - 'જલસા'ની યાત્રા (એમના બીજા ભક્ત-સાથીઓ સાથે) યોજે છે, ભગવાનના જન્મદિન ૧૧ ઓક્ટોબરના દિવસે! આ વર્ષે યાત્રા યોજાવાની નથી, કારણ કે તે દિવસે ભગવાન મુંબઈમાં હાજર નહીં હોય, એવા એમને સમાચાર મળ્યા છે.

આવતા બુધવારે (૧૧ ઓક્ટોબર, ૨૦૧૭) એક ખાસ પુરોહિત બચ્ચન મંદિરમાં પ્રાર્થના કરાવશે અને અમિતાભ ચાલીસાનો પાઠ થશે. આ રહી ચાલીસાની પ્રથમ બે પંક્તિઓ!

હે હરિવંશ ગ્યાન ગુણ સાગર, આપસે હુએ અવતાર ઉજાગર.
હરિપુત્ર અતુલિત બલધામા, તેજી પુત્ર અમિતાભ હૈ નામા!

મંદિરમાં એક પૂજાની થાળીમાં સાદા કાગળ ઉપર પ્રીન્ટ કરેલી આ ચાલીસા રાખેલી છે, કુટુંબના સભ્યો દિવસમાં બે વાર ઘંટડી વગાડતા આરતી કરે છે. ગયા વર્ષ સુધી ભગવાને 'તુફાન' અને 'અગ્નિપથ' ફિલ્મોમાં પહેરેલી 'પાદુકાઓ' સામે આરતી થતી હતી. આ વર્ષે 'સરકાર' ફિલ્મમાંના એમના પાત્રના અદ્દલ દેખાવ વાળી મૂર્તિ સાથે થશે. મૂર્તિને ઓર્નેટગ્રીન રંગના સિંહાસન ઉપર સ્થાપિત કરવામાં આવી છે, જે એમની જ ફિલ્મ 'અક્સ'માં વપરાયેલું છે. ગર્ભગૃહની દિવાલો ઉપર 'જય શ્રી અમિતાભ' લખેલા, ખાસ બનાવેલા વૉલપેપર્સ ચોંટાડેલા છે અને આરતી વખતે 'જય શ્રી અમિતાભ' અને 'હર હર અમિતાભ'ના નારા ગુંજી ઉઠે છે!

ગર્ભગૃહની બહાર ભક્તો માટે બેઠકો છે અને ત્યાં જ કાચનાં ચાર નાનાં કબાટોમાં ભગવાનનાં સ્મૃતિચિહ્નો - જુતાની બે જોડ, ગૉગલ્સ-સનગ્લાસની બે જોડ અને KBC ના કોઈ એપિસોડમાં પહેરેલા ચાર બ્લેઝર્સ (કોટ) - ભક્તોના દર્શન માટે મૂકેલા છે. દિવાલોની સજાવટ જાતજાતની ફિલ્મોમાં દેખા દીધેલા ભગવાનના ફોટાઓથી કરવામાં આવી છે અને હા, એક પેનલ પર ભગવાનના ચાલુ અવતારના કેટલાક અલભ્ય શ્વેતશ્યામ કૌટુંબિક ફોટા પણ દેખા દે છે!

જો કે સંજય પાટોડિયા સ્વીકારે છે કે તિલજલાની સાંકડી ગલીમાં આવેલા એમના આ મંદિરથી ૯૯% કલકત્તાવાસીઓ અજાણ છે, પણ ક્યારેક કોઈક દૂરદેશનો ભક્ત આવી પણ ચડે છે. ''પણ ખુદ ભગવાનનું શું? એ ક્યારેય પધાર્યા છે?'' અમે પૂછીએ છીએ. જવાબ મળે છે, ''ના, અમે હજુ એમને આમંત્રણ આપ્યું નથી! એમણે વીડીયો જોયેલા છે. સંજય પાટોડિયાની માન્યતા છે કે ભગવાન તો સર્વત્ર છે, એમને વળી આમંત્રણની શી જરૂર!

('ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' રીપોર્ટ ૮ ઓક્ટોબર ૨૦૧૭)

## ● પ્રતિભાવ ●

- 'મારે ખીલવું છે, હું ખીલીશ' માયા એંજેલુની આત્મકથા સારી તૈયાર કરી શકાઈ છે. 'વિચારવલોણું' અને સોનલબહેનને અભિનંદન.
  આ મૂળ પુસ્તક મને નવેમ્બરમાં જ વાંચવા મળ્યું હતું. ત્યારે જ તેને વિષે લખું એમ વિચારતો રહ્યો ત્યાં આ ડિસેમ્બરમાં જ અનુવાદ મળ્યો તેથી ઘણો આનંદ થયો. મૂળ કાવ્ય 'પાંજરે પૂરેલું પંખી કેમ ગાય છે' નો અનુવાદ પણ ગમ્યો. મારી મૂંઝવણો વ્યક્ત કરું? (૧) 'મમ્મા'ની ધાર્મિકતા એક જુદી કથા છે. ભલે આફ્રિકન પ્રજાએ અમેરિકામાં ખ્રિસ્તી ધર્મ મેળવ્યો. પણ જે સચ્ચાઈથી જીવી બતાવે છે તેના દર્શન 'મમ્મા' જેવાના જીવનમાંથી મળે છે. ઠીક એવા અશ્વેતો વિષે વાંચવા મળ્યું છે તે પરથી એમ કહેવાનું મન થાય કે ભાગ્યે જ કોઈ એવા શ્વેત મળે કે તે આટલી સચ્ચાઈથી ધર્મને અપનાવી શક્યા હોય.
  આ મુદ્દો પ્રગટ કરવો મને અઘરો લાગ્યો તેથી તે વિષે ન લખવું એમ મને લાગ્યું હતું. સામે ચાલીને બાળક મેળવેલું એનો સ્વીકાર માતાએ અને તેના ત્યારના સાથીએ જે નિખાલસભાવે સ્વીકાર્યો તેમાં જે ખુલ્લા દિલથી આવનાર બાળકને પણ કલંક વગરનું જીવન બક્ષ્યું એ એક લાક્ષણિક દૃષ્ટિનું વર્તન છે. તે વાતને પણ ખોલવાની જરૂર હું વાગોળતો રહ્યો. ગુજરાતી વાચક અંગ્રેજીમાં જ રખાયેલા શબ્દોને કેટલી સ્પષ્ટતાથી ઝીલે તેની શંકા રહી. એના અનુવાદ કરવા અઘરા જ શબ્દો મળે/ભાવ? મળે તો મળે. આવું લખવાની છૂટ લીધી તે બદલ ક્ષમાપ્રાર્થી છું.

(જ્યોતિભાઈ દેસાઈ, વડોદરા)

- આજ લખું, કાલ લખું કરતાં કરતાં આજે તો નક્કી કરી લીધું કે ''આપણું વિચારવલોણું''ને પ્રતિભાવ આપું. હું પ્રતિમાસે શરૂઆતના દશ દિવસોમાં સાંજે ઘેર પ્રવેશતાં જ પહેલો પ્રશ્ન પૂછું - ''આપણું વિચારવલોણું'' ટપાલીએ આપ્યું છે? જે દિવસે આ પુસ્તિકા મળે તે દિવસે એક જ બેઠકે સંપૂર્ણ 'આપણું વિચારવલોણું' એકાગ્ર ચિત્તે વાંચી પૂર્ણ કરું. પુસ્તિકાના દરેક નાના-મોટા લેખો મજેદાર, લિજ્જતદાર, દમદાર અને આનંદસભર હોવાની જરૂર અનુભૂતિ થાય! કંઈક નવીન માહિતી જ્ઞાન પ્રદાન કરે! આપણું વિચારવલોણું એટલે જાણે છાશમાંથી કાઢેલું માખણ! વિશેષ થોડું-ઘણું ત્રાંસુ ભલામણ અને મીઠીમીઠી ફરિયાદ સાથે લખું તો - તંત્રી સાહેબ! નાનાં-નાનાં સુંદર-મઝાના અને મૌલિક લેખોને પણ આ પુસ્તિકામાં બાર મહિને એક પુસ્તિકામાં સ્થાન આપો. જેથી નાનાં-મોટાં ઊગતાં લખનારને પ્રોત્સાહન મળે, વધારે વિચારવા-લખવા નવું જોમ જોશ બળ મળે!

(કમલેશ એચ. દવે, ૮૯, જ્યોતિ-કલશ સોસા., સુંદરવન-સંજયપાર્ક નજીક, સેટેલાઈટ, અમ.-૧૫.)

- સાદર નમસ્કાર. 'મારે ખીલવું છે' - અદ્‌ભુત છે, ધન્યવાદ. માણસો વાંચે કે તેમાંથી ગ્રહણ જીવનમાં કરે તો આપણો ઉદ્દેશ પૂર્ણ થાય પણ તેવું જોવા મળતું નથી. માણસમાં પરિવર્તિત થવાની ઉત્કંઠા જ મરી પરવારી છે, જેથી માણસના જીવનમાં પરિવર્તન દેખાતું નથી. ટોળાશાહીમાં કદી બુદ્ધિ હોઈ શકે જ નહીં. ને સંસાર છોડીને ગયા છે તેઓ અનાસક્ત થયા નથી. તેઓ પણ કોઈને કોઈ વસ્તુમાં આસક્ત છે. પછી તે પોતાના સંપ્રદાયમાં હોય તો પણ તે આસક્તિ જ છે. માટે તેઓ પણ પરિવર્તિત થઈ શકતા નથી. જ્યાં સુધી માણસ અંતરથી મારે પરિવર્તિત થવાનું છે એવું નક્કી ન કરે ત્યાં સુધી પરિવર્તન શક્ય જ નથી એવું મને સમજાય છે. સાદર નમસ્કાર. મારા લેખો મારા બ્લોગમાં મૂક્યા છે જે જાણ માટે. નમસ્કાર.

(તત્ત્વચિંતક પટેલ, યુ.એસ.એ.)

---

## 'વિચારવલોણું' પરિવાર દ્વારા પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૦૧ | અંતિમ મૂલ્યવાન બક્ષિસ (મૂ.લે.જિમ સ્ટેવેલ) | અનુ. મનસુખ રીંડાણી | રૂા. ૨૦/- |
| ૦૨ | સંવાદ (ગુજરાતી) | સારસંક્ષિપ્ત : મુનિ દવે | રૂા. ૨૫/- |
| ૦૩ | ડૉ. વિક્રમ સારાભાઈ | ડૉ. પદ્મનાભ જોષી | રૂા. ૪૫/- |
| ૦૪ | ભીતરનું સામર્થ્ય | ભાવાનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૦/- |
| ૦૫ | સંસ્થા ઘડતર | સંકલન : મુનિ દવે | રૂા. ૩૫/- |
| ૦૬ | બહાનાં ના કાઢ દોસ્ત | ભાવાનુવાદ : દર્શા કિકાણી | રૂા. ૪૦/- |
| ૦૭ | સ્વીકારથી ચમત્કાર | સંક્ષિપ્ત : ડૉ. વિપુલ દેસાઈ | રૂા. ૩૫/- |
| ૦૮ | મુક્ત ગગનની બારી | હરેશ ધોળકિયા | રૂા. ૩૫/- |
| ૦૯ | સંબંધોની ઉષ્મા | માવજીભાઈ સાવલા | રૂા. ૪૦/- |
| ૧૦ | ફિલસૂફીનું વિશ્વ | માવજીભાઈ સાવલા | રૂા. ૩૫/- |
| ૧૧ | મિ. ગોડ, ધીસ ઈઝ આન્ના | અનુ. અમી કંદર્પ પંડ્યા | રૂા. ૩૦/- |
| ૧૨ | જ્યોતિર્ગમય | ભાવાનુવાદક : અશોક શર્મા | રૂા. ૨૫/- |
| ૧૩ | કળાનો આસ્વાદ | સંપાદક : મુનિ દવે | રૂા. ૪૦/- |
| ૧૪ | પ્રવચન સાર | સાર સંકલન : કિરીટ મહેતા | રૂા. ૩૦/- |
| ૧૫ | વાર્તામેળા (બાળકલમે વહેતી વાર્તાઓ) | સંપાદક : દર્શા કીકાણી | રૂા. ૪૦/- |
| ૧૬ | જ્યાં હાથ નાખો ત્યાં સોનું છે - ભાવાનુવાદ અને સંક્ષિપ્ત : દર્શા કિકાણી | | રૂા. ૩૦/- |
| ૧૭ | વિશ્વશાંતિના રાહબરો ભાગ-૧ | સારાનુવાદક : ડૉ. રશ્મિ વ્યાસ | રૂા. ૩૫/- |
| ૧૮ | વિશ્વશાંતિના રાહબરો ભાગ-૨ | સારાનુવાદક : ડૉ. રશ્મિ વ્યાસ | રૂા. ૩૫/- |
| ૧૯ | સત્ય અને સૌંદર્ય | ભાવાનુવાદ : મુનિ દવે | રૂા. ૪૫/- |
| ૨૦ | મારે ખીલવું છે, હું ખીલીશ | અનુવાદ : સોનલ પરીખ | રૂા. ૪૫/- |
| ૨૧ | ઍલ્વિન ટૉફલરની આસપાસ | લેખક : ધીરજ છેડા | રૂા. ૪૫/- |

## આપણી વાત

જો તમે નિયમિત 'વિચારવલોણું' વાંચતા હો, જો તમને એ ગમતું હોય, જો તમને એમ લાગતું હોય કે આ પ્રવૃત્તિ માત્ર પૈસાને કારણે બંધ ના પડવી જોઈએ તો તમે નીચેનાં કામોમાંથી તમને યોગ્ય લાગે તે કરી શકો.

- ❑ તમારું ત્રણ કે પાંચ વર્ષનું કે કાયમી લવાજમ સમયસર ભરી દો.
- ❑ તમે કમસે કમ બે નવા મિત્રોને તૈયાર કરો, જે લવાજમ ભરીને ગ્રાહક બને.
- ❑ તમે એવી થોડીક વ્યક્તિઓ કે સંસ્થાઓ પસંદ કરો, જેમને તમારા મતે 'આપણું વિચારવલોણું' મળવું જોઈએ. તમે એમનું ત્રણ કે પાંચ વર્ષનું લવાજમ ભેટમાં આપી શકો.
- ❑ તમે નાની-મોટી રકમ અમને દાન તરીકે અથવા વ્યાજમુક્ત લોન તરીકે આપો. જેનું વ્યાજ અમે રાખીએ પણ મૂળ રકમ તમારી જ રહે. તમે માગો ત્યારે તે રકમ તમને પાછી મળી જાય.
- ❑ સારા-માઠા પ્રસંગે અમારી પુસ્તિકાઓ ખરીદીને ભેટ આપો.
- ❑ અમારા કોઈ અંક કે પુસ્તિકાને માટે રૂ. ૧૫,૦૦૦ આપીને સ્પોન્સર કરી શકો.
- ❑ તમને ગમેલી અમારી પુસ્તિકાઓને જાતે છાપવાને બદલે અમારી પાસેથી ખરીદો. એ નાની આવક અમને ટકી રહેવાનું બળ આપે છે.

  આશા છે કે આ બાબતો પર વિચાર કરીને આપ ઘટતું કરશો.

  તમારાં સૂચનો આવકાર્ય છે.
- ❑ **હવે આપણને ઈન્કમટેક્ષમાં રાહત આપવા માટે "80G" સર્ટિફિકેટ આપવાની મંજૂરી મળી ગયેલ છે, જે સૌની જાણ સારુ.**

**- ટ્રસ્ટીઓ અને સંપાદકો : વિચારવલોણું પરિવાર**

### અગત્યનું

**લેખકોને વિનંતી :**

જ્યારે પણ લેખ મોકલો, કાગળ પર કે ઈ-મેઈલ પર, ત્યારે લેખમાં તમારું નામ, સરનામું અચૂક લખો. ઘણા લેખો એવા આવે છે જેના કવર કાઢી નાખ્યા પછી ખ્યાલ આવે છે કે લેખકે પોતાનું નામ તો લખ્યું જ નથી. ઉપરાંત એ પણ લખો કે તમે 'વિચારવલોણું'ના સભ્ય છો કે નહીં. જેથી તમારો લેખ સ્વીકારાયા બાદ તમને એ અંક મોકલી શકીએ. એ વખતે જો તમારું ઈ-મેઈલ એડ્રેસ લખેલું હોય તો અંકની PDF ફાઈલ મોકલવી સહેલી પડે.

## કાંકરીચાળો

**આપણે જવું છે ક્યાં? શું મેળવવું છે?**

આજે સમગ્રતયા શિક્ષણનો વ્યાપ વિસ્તર્યો છે. પણ ભણતર સાથે ગણતર-ઘડતરની વાત થોડી વિસરાઈ હોય એવું પણ અનુભવાય. રોજ તો નહીં, પણ જાતભાતના નવા પ્રયોગો-પ્રથાઓ શિક્ષણના નામે થઈ રહ્યા છે. આજથી ૨૫-૩૦ વર્ષ પહેલાં એક વ્યક્તિના સમગ્ર શિક્ષણ પાછળ જે ખર્ચ થતો તે આજે કહેવાતી સારી-આધુનિક-શ્રેષ્ઠ શાળામાં પ્રાથમિક ધોરણના બાળકના એક વર્ષની ફી પાછળ થાય છે! વળી વાલી કહે કે, શ્રેષ્ઠ સુવિધા મેળવવી હોય તો વર્ષે બે-ત્રણ લાખ રૂપિયા તો ખર્ચવા જ પડે ને! ત્યારે મનમાં થાય, ઘણા પરિવારોની તનતોડ મજૂરી પછીની વાર્ષિક આવક પણ માંડ એક-બે લાખ રૂપિયા સુધી પહોંચે છે!!

શિક્ષણ-સંસ્કાર ને સંસ્કૃતિ-આવી વાતો તો બધા કરે છે, પણ વાસ્તવમાં શિક્ષણ આપણને સારા માનવ બનવાના સંસ્કાર આપે છે ખરું? અને આ સારા સંસ્કારથી આપણે આપણી સભ્યતાની-ગરિમાની સંસ્કૃતિને શું આગળ વધારીએ છીએ ખરા? વાતવાતમાં ઘણા બધાને કહેતા સાંભળીએ છીએ, 'એ તો જેવા જેના સંસ્કાર', 'એના તો સંસ્કાર જ એવા છે' પણ આ સંસ્કાર શબ્દનાં મૂળિયાં સમજવાં જેવાં છે, એની આપણે પરવા કરીએ છીએ ખરા? ગુજરાતી હોવાના નાતે ગુજરાતી કે ભારતીય સંસ્કૃતિનું મહિમાગાન તો સહજમાં કરીએ, પણ એ ગૌરવ અનુભવવાનો અધિકાર આપણે સમજીએ છીએ?

આપણને સહુને સરસ, પ્રસન્ન, સુખ-સુવિધાપૂર્ણ, સ્વસ્થ જીવનની સ્વાભાવિક જ અપેક્ષા હોય. એ માટે જ જીવનગાડી હંકારતા હોઈએ, દોડાદોડ કરતા હોઈએ. થોડી વાર જંપીને બેસવાનો, નિજાનંદે ટહેલવાનો કે કોઈની સાથે કામ વગર પણ વાત કરવાનો ઉમળકો આપણે જાણે ખોઈ બેઠા છીએ. સતત સ્ટ્રેસ-તાણ સાથે જીવવાની આદત કેળવી લીધી છે. અકારણ આપણે કશું કરી શકતા જ નથી. બધું યે માપી માપીને, માફકસર જ કરવાનું, મૂલવવાનું. સુખો મેળવવાની દોડમાં આજને માણવાનું ચૂકી જ જવાય છે ક્યાંક. વળી સ્હેજ થાકીએ, થોડા નિરાશ બનીએ કે તરત ધર્મ-અધ્યાત્મની વાતો કરીને સમાધાન શોધવા માંડીએ.

અને આજના સમયમાં તો કોઈની પાસે ક્ષણનો સમય નથી, નકરી ઉતાવળ છે. આપણી આસપાસ ચહેરા જોવાનો-વાંચવાનો રોમાંચ ગુમાવી દીધો છે ને આપણે ફેસબુકમાં કલાકો ગાળીએ, ચહેરા વિનાના ફેસ સામે! સતત વોટ્સએપના સ્ટેટસ જોયા કરીએ.

બધું સારું જ થવાનું છે, કાંઈ મોટી ચિંતા કરવાની જરૂર નથી, બીમારી સામાન્ય છે .... પણ તો યે, અંદર કોક ધારદાર પ્રશ્નો પૂછે તો છે. તમે શું કહો છો? કે પછી ગાઈ દેવાનું - 'મન તું શીદને ચિંતા કરે?'

આપના વિચારો 'સંવાદ'ના માધ્યમે તા. ૩૧-૩-૨૦૧૮ સુધીમાં મળે તેમ જરૂર મોકલશો.

**- પ્રજ્ઞા પટેલ**

(પ્લોટ નં. ૧૬૮૭/૧, સેકટર-૨ડી, ગાંધીનગર-૩૮૨૦૦૨. મો. ૯૮૨૫૪૩૮૩૯૪)